**સુવિચાર**
એક સંકલ્પ : હું સારો નહિ દેખાઉં તો ચાલશે, પણ સારો નહિ બનું તો નહિ ચાલે.
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૭/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ જેઠ વદ-૧૨ વર્ષ : ૧૫ અંક : ૧૭૨

ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફ્રેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી (દૂરબીનથી ઓપરેશન)
૨૪x૭
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## નેશનલ હાઈવેમાં ગાબડુ પડયુ તો અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી

# રાજુલા, જાફરાબાદ પંથકમાં ભારે વરસાદથી તારાજી

**ટીંબીનાં રહેણાંક વિસ્તારમાં સ્લેબ નીચે પડયો : સદ્દનસીબે દુર્ઘટના ટળી**

**અમુક સ્થળોએ વીજ વાયરો તૂટી જતાં વીજળી ગુલ થવાની ઘટના બની**

**હિંડોરણા પુલ ઉપર મસમોટું ગાબડુ પડતાં તંત્રની પોલ પણ ખુલી થઈ**

**વૃક્ષો ધરાશાયી થતાં અનેક માર્ગો બંધ થતાં વાહન વ્યવહારને અસર થઈ**







અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લામાં રાત્રીના પડેલા વરસાદના કારણે જનજીવન અસ્તવ્યસ્થ જોવા મળ્યું. રાજુલા પંથકમાં રાત્રીના પડેલા વરસાદના કારણે સમગ્ર વિસ્તારમાં ધોધમાર વરસાદ પડયો હતો. રાત્રીના સમયે ૩ ઈંચ જેટલો વરસાદ આ વિસ્તારમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં વરસાદ ખાબકતા જળબંબાકાર થયો હતો જયારે રાજુલા–વાવેરા રોડ ઉપર આવેલ પીપરનું મહાકાય વૃક્ષ ધરાશય થતા વાહન વ્યહાર ખોરવાયો હતો. અહીં રાત્રીના ૩ વાગ્યા આસપાસ વૃક્ષ પડતા માર્ગ બંધ થતાં વ્હેલી સવારે રાજુલા સામાજિક વનીકરણ રેન્જ આર.એફ.ઓ. મકરાણીની ટીમ ઘટના સ્થળે પહોંચી વૃક્ષ હટાવવા માર્ગ ફરીવાર શરૂ કરવામાં આવ્યો હતો. જાફરાબાદના બાબરકોટ નજીક પણ એક વૃક્ષ ધરાશય થયું હતું ઉપરાંત રાજુલાના ધારાનાનેસ ગામમાં વર્ષો જૂનું વૃક્ષ ધરાશાયી થયું. ઉપરાંત રાજુલા શહેરમાં જાફરાબાદ રોડ ઉપર પ્રેસિડેન્ટ હોટલ નજીક પડતર

અનુસંધાન પાના ૬ ઉપર

**બાંધકામમાં થયેલ ભ્રષ્ટાચાર ઉડીને આંખે વળગે છે**

# બગસરામાં ૫ વર્ષ પહેલા બનેલ એસ.ટી. ડેપોમાં ચારે દિશાઓની છતમાંથી પાણી ટપકે

**બાંધકામ એજન્સી, એસ.ટી. તંત્ર અને પદાધિકારીઓ જવાબદાર**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨

બગસરા એસ.ટી. ડેપો નવો બન્યાને ફક્ત ૫ વર્ષ જેટલો સમય ગાળો થયો છે. ત્યારે આ ડેપોની હાલત ખુબ જ ખરાબ થઈ ગઈ છે. આ ડેપોની વાત

અનુસંધાન પાના ૬ ઉપર

**મુળ તામિલનાડુનાં વતની અને**

# રાજુલાનાં કોટડી ગામે રહેતા મણિરામે મંદિરનાં ઓરડામાં ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૨

મુળ તમિલનાડુના વતની અને હાલ રાજુલા તાલુકાના કોટડી ગામે રહેતા મણીરામ બાકરીસ્વામી કોલી તા. ૧ ના રોજ સવારે ૭ થી બપોરના ૧૨ વાગ્યાના સમયે કોટડી ગામે આવેલ ખારા વાળી ખોડીયાર માતાના મંદિરના મુખ્ય ઓરડામાં કોઈ અગમ્ય કારણોસર પોતે પોતાની મેળે લોખંડની ઠેલ સાથે કેસરી કલરનો ગમછો (કપડું) બાંધી ગળાફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

**સિટી પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી**

# બગસરા શહેરમાંથી વિદેશી દારૂની ૧૧ બોટલ સાથે એક ઈસમની અટકાયત

અમરેલી, તા. ૨

બગસરા, નટવરનગર, નવલખા બંગલા પાસે રહેતા અક્ષયરાજ ઉર્ફે દુડી દેવેન્દ્રભાઈ ઉર્ફે બટુકભાઈ ધાધલ તા. ૧ ના રોજ સાંજે ૫ વાગ્યે ટાઉનમાંથી પોતાના કબ્જામાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂની સ્પેશ્યલ વિસ્કી કંપનીની રીંગપેકની ૭૫૦ એમ.એલ.ની બોટલ નંગ–૧૧ કિંમત રૂપિયા ૩૭૪૦ ના મુદામાલ રાખી રેઈડ દરમ્યાન મળી આવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,250/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૨/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજ અમરેલી
પ્રથમ વર્ષ માં પ્રવેશ અંગે જાહેરાત
F.Y. B.C.A / B.Sc. (MICROBIOLOGY) / M.Sc. (CHEMISTRY)
SEM-1 (2024)
GCAS પોર્ટલમાં નવું રજીસ્ટ્રેશન શરૂ.......
તારીખ: ૦૪-૦૭-૨૦૨૪ થી ૦૯-૦૭-૨૦૨૪ છેલ્લો દિવસ
GCAS પોર્ટલમાં રજીસ્ટ્રેશન કરવાનું બાકી રહી ગયુ હોય અથવા આ કોલેજમાં વેઈટીંગ યાદીમાં નામ લખાવ્યા હોય, તે તમામ વિદ્યાર્થીઓને.....
તારીખ: ૦૪-૦૭-૨૦૨૪ થી ૦૯-૦૭-૨૦૨૪ દરમ્યાન સવારે ૯:૦૦ થી ૧:૦૦ અને ૨:૩૦ થી ૬:૦૦ ની વચ્ચે કોલેજ કાર્યાલયમાં રૂબરૂ આવી નિ:શુલ્ક રજીસ્ટ્રેશન કરી આપવામાં આવશે.
:: રજીસ્ટ્રેશન સમયે લાવવાના ડોક્યુમેન્ટ ::
- પાસપોર્ટ સાઈઝનો ફોટો
- વિદ્યાર્થીની સહી
- OBC કેટેગરીમાં આવતા વિદ્યાર્થીઓએ નોન-ક્રિમીલીયર સર્ટી ફરજીયાત આપવાનું રહેશે.
- ધોરણ-૧૨ અને ૧૦ ની માર્કશીટ
- લિવિંગ સર્ટિફિકેટ
- કેટેગરી(OBC,SC,ST,EWS) ના પ્રમાણપત્ર ફરજીયાત સાથે રાખવા
- વિદ્યાર્થીનો મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ(OTP માટે)
- પોર્ટલ રજીસ્ટ્રેશન ફી રૂા.૩૦૦/-
સ્થળ
સ્વનિર્ભર કાર્યાલય,કમાણી સાયન્સ કોલેજ બિલ્ડીંગ, રૂમ નં.૪, વિદ્યાસભા સ્કૂલ ગેઈટથી અંદર,લાઠી રોડ, અમરેલી.
મો. ૯૨૬૫૨ ૪૨૭૧૮, ૯૦૩૩૨ ૨૪૯૨૦, ૯૭૧૨૩ ૪૬૫૫૩

ભાજપ હિંદુત્વનાં નામે ખોટો ભ્રમ ફેલાવે છે : ડો. ઈન્દ્રવિજયસિંહ ગોહિલ

# વિદ્યાર્થીઓ–યુવાનોની સમસ્યાઓ ઉકેલવામાં ભાજપ સરકાર નિષ્ફળ

## યુવા મોરચા અને એ.બી.વી.પી.ના ૧૦૦થી વધુ કાર્યકરો એન.એસ.યુ.આઈ. અને યુથ કોંગ્રેસમાં જોડાયા





અમદાવાદ, તા. ૨

ભાજપની યુવા વિરોધી નીતિને રામરામ કરીને મોટી સંખ્યામાં એ.બી.વી.પી. અને ભારતીય જનતા યુવા મોરચાના યુવાનોને કોંગ્રેસ પક્ષમાં આવકારતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં કાર્યકારી પ્રમુખ ડો. ઈન્દ્રવિજયસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, લોકસભા વિરોધપક્ષનાં નેતા આદરણીય રાહુલ ગાંધીના લોકસભામાં આપેલ ભાષાણથી ભાજપ સરકાર ડરી ગઈ છે. રાહુલ ગાંધીએ દેશવાસીઓ પણ કહ્યું છે કે, ''ડરો મત, ડરાવો મત....'' ગુંડાઓથી ગુજરાત ડરશે નહીં, આવનારા સમયમાં ભાજપને ગુંડાગીરી બંધ કરવી પડશે, દરેક ધર્મ શીખવે કે, ડરશો નહીં તેવુ તેઓએ જણાવ્યું હતું. ભાજપ દ્વારા કોંગ્રેસ પક્ષનાં કાર્યલાયખાતે અડધીરાતે કરવામાં આવેલ કાયરતાપૂર્ણ કૃત્યને કોંગ્રેસ પક્ષે વખોડી રાજીવ ગાંધી ભવન ખાતે પ્લેકાર્ડ સાથે યુથ કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ. દ્વારા વિરોધપ્રદર્શન કરવામાં આવ્યો હતો. ગુજરાતની જનતા આ પ્રકારના હિંસાત્મક કાર્યોને કદાપિ સહન–સમર્થન નહીં આપે.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, રાજીવ ગાંધી ભવન ખાતે આશ્ચર્યજનક કાર્યક્રમ આપીને ભાજપની નીતિનો કોંગ્રેસ પક્ષે વિરોધ કર્યો હતો. છેલ્લા ઘણા સમયથી ભાજપ પાર્ટી દેશમાં નફરતનું ઝેર ફેલાવી રહી છે, વિદ્યાર્થીઓ અને યુવાનોની સમસ્યાનો ઉકેલ લાવવામાં ભાજપ સરકાર સરેઆમ નિષ્ફળ ગઈ છે. ભારતીય જનતા પાર્ટી વિદ્યાર્થીઓ સાથે છળકપટ કરી રહી છે. (નીટ) પરીક્ષામાં ગોટાળા કર્યા બાદ દેશના વિદ્યાર્થીઓની માંગ હોવા છતાં રદ કરવામાં આવી નથી. ગુજરાતનાં રાજકોટમાં (ટીઆરપી) મોલમાં બનેલી ગોઝારી ઘટનાનાં વિરોધમાં કોંગ્રેસપક્ષ દ્વારા આપવામાં આવેલ 'રાજકોટ બંધ'ના આહવાહનને સમગ્ર રાજકોટના નગરજનોએ સંપૂર્ણપણે બંધ પાડીને સમર્થન આપ્યું હતું. તે જોઈને ભાજપ સરકાર ડરી ગઈ છે. આજરોજ પ્રદેશ ભાજપ યુવા મોરચાનાં જીગ્નેશ સાધુ, સિલ્વર ઓક સાયન્સ કોલેજનાં પ્રેસિડેન્ટ સની પરમાર, યુવા મોરચાના હર્ષ પરમાર, રાહુલસિંહ પરમાર, દુષ્યંત ઠાકોર, અભય પરમાર, એબીવીપીનાં જય પરમાર, ઋષિલ પ્રજાપતિ, મન પંચાલ, પાર્થિવ પરમાર, સચિન દરજી, દક્ષ રાઠોડ, જય જાદવ, હર્ષ તલસાણીયા, અર્જાભાઈ ભરવાડ, ઓમ પરમાર સહિત મોટી સંખ્યામાં યુવાનોએ કોંગ્રેસપક્ષનો ખેસ પહેરીને વિધિવત રીતે વિદ્યાર્થી પાંખ એએસયુઆઈ, યુથ કોંગ્રેસમાં જોડાયા હતા.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ દોશી, પ્રવકતા પાર્થિવરાજસિંહ કઠવાડીયા, હિરેન બેંકર, યુથ કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી ડો. ઉપેન્દ્રસિંહ જાડેજા, ડો. પ્રવિણસિંહ વણોલ, અમદાવાદ શહેર યુવા કોંગ્રેસનાં કાર્યકારી અધ્યક્ષ ઈમરાન શેઠજી, (એનસીયુઆઈ) નાં અમદાવાદ શહેરનાં પ્રમુખ તિલકરામ તિવારી સહિત મોટી સંખ્યામાં યુવક કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ.નાં કાર્યકરો–પદાધિકારીઓ, આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

# કેરિયાનાગસની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી



અમરેલી, તા. ૨


અમરેલી તાલુકાના કેરીયાનાગસ ગામે આવેલ પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવ કાર્યક્રમ ખૂબ ધામધૂમ પૂર્વક ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં ગામના અગ્રણીઓ ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહેલ. બાલવાટિકામાં ૩૮ અને ધોરણ ૧મા નવા ૯ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો. આ વર્ષે અમરેલીથી ૬૫ જેટલા વિદ્યાર્થીઓ એક થી આઠમાં અભ્યાસ કરવા માટે આવતા હોય તેમના માટે ટ્રાન્સપોર્ટેશન સુવિધા શરૂ કરવામાં આવી.

આ તકે કાર્યક્રમમાં ધીરુવાળા વાળા, મેહુલભાઈ ધોરાજીયા, સંજયભાઈ રામાણી તેમજ કેરિયાનાગસ સરપંચ રાજુભાઈ મેવાડા લાયઝન અધિકારી ધર્મેશભાઈ સિંધવ વગેરે હાજર રહ્યા હતા. તેમજ શાળાને હરહંમેશ દાન આપતા સંજયભાઈ પરષોતમભાઈ નાકરાણી, દિપાલીબેન ભરતભાઈ હરખાણી, રાજેન્દ્રસિંહ ગુલાબસિંહ ઠાકોર, પ્રણવભાઈ લાઠીયા, ચંદ્રિકાબેન લાઠીયા, રામભાઈ કુકડીયા, હિતીષા કાનજીભાઈ વેકરિયા, કેવલ વિપુલભાઈ સાવલિયા વગેરેનું સન્માન કરવામાં આવ્યુ હતુ.

૩ જુલાઈ, 'પ્લાસ્ટિક બેગ ફ્રી ડે'

# પ્લાસ્ટિકનો તિરસ્કાર, પર્યાવરણનો પુરસ્કાર

## કાપડની થેલીનો જ ઉપયોગ કરીએ



અમરેલી, તા. ૨

પ્લાસ્ટિકની શોધ ઈ.સ. ૧૯૬૨ માં ઈંગ્લેન્ડનાં એલેકઝાન્ડર પાર્કસે કરી હતી. પ્લાસ્ટિક બેગ તાકીદની જરૂરિયાત બની ગઈ છે. તેના અનુકૂળ સ્વભાવને કારણે રોજીંદા જીવનમાં તેનો ઉપયોગ વધી રહ્યો છે. રોજીંદી પ્રવૃતિઓથી સંબંધિત બધી પ્રવૃતિઓમાં પ્લાસ્ટિકની ભૂમિકા હોય છે. મોબાઈલ, ટીવી, ફ્રિજ, એસ, ખુરશી, ટેબલ, કમ્પ્યૂટર વગેરે જેવી સંખ્યાબદ્ધ વસ્તુઓ છે જે પ્લાસ્ટિકની બનેલી હોય છે, પરંતુ પ્લાસ્ટીકએ નાશ ન થઈ શકે તેવું પ્રદુષણ છે અને તે જમીન, પાણી અને હવાને પ્રદૂષિત કરે છે એટલે કે સમસ્ત પર્યાવરણને નુકસાન કરે છે. ગમે ત્યાં ફેકી દીધેલી પ્લાસ્ટિકની થેલીઓ અન્ય ખોરાકની સાથે ખાઈ જવાથી અનેક પશુઓ મોતને ભેટે છે અને આ મૃત પશુઓનાં અવશેષો નાશ પામ્યા બાદ પણ પ્લાસ્ટિક જેમનું તેમ રહે છે. પ્લાસ્ટિકનો નાશ થતાં ૧૦૦૦ વર્ષ લાગે છે. તેને બાળવાથી પણ તે પર્યાવરણમાં ડાયોકસીન સહિન હાનિકારક વાયુઓ છોડે છે. પર્યાવરણ માટે ભારોભાર નુકસાનકારક એવા પ્લાસ્ટિકની બેગનો ઉપયોગ દિનપ્રતિદિન વધી રહ્યો છે. જાગૃત નાગરિક તરીકે પર્યાવરણ અને આરોગ્ય માટે ખૂબ જ હાનિકારક એવા પ્લાસ્ટીકની બેગનો ઉપયોગ ટાળીને દરેક વ્યકિત પર્યાવરણને બચાવે તે હાલનાં ગ્લોબલ વોર્મિંગના સમયની માંગ છે. વર્તમાન સમયમાં પ્લાસ્ટિકનો વપરાશ સતત વધતો જાય છે. પ્લાસ્ટિક પ્રદુષણથી ખોરાક અને પાણી પણ બાકાત રહ્યા નથી. પ્લાસ્ટિક બેગનો યૂઝમાત્ર એક મિનિટમાં થઈ જાય છે. પરંતુ તેને પૃથ્વીમાં સડતા એક હજાર વર્ષ જેટલો સમય લાગે છે. જેમ બને એમ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ટાળીને કાપડની બનેલી થેલીઓનો જ ઉપયોગ કરવો જોઈએ. રોજીંદા જીવનમાં પ્લાસ્ટિકની સ્ટીકવાળા ઈયરબડસ, કટલેરી, બલુન માટે પ્લાસ્ટિક સ્ટીક, પ્લાસ્ટિકનાં ઝંડા, પ્લાસ્ટિકની પ્લેટ, કેન્ડી સ્ટીક, કપ, આઈસ્ક્રીમ સ્ટીક, સિગારેટનું પેકેટ, કાંટા, ટ્રે, ચમચી, રેપ કે પેક કરવાની ફિલ્મ, ચપ્પુ, વગેરેનો ઉપયોગ ટાળવો જોઈએ. હવે જાગૃત થવાનો વારો લોકોનો છે.

પ્લાસ્ટિકનો તિરસ્કાર, પર્યાવરણનો પુરસ્કાર કાપડની થેલીનો જ ઉપયોગ કરીએ.


## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર એડવોકેટ હિતેષભાઈ એમ. મીઠાપરા, રહે.બાબરા, જે અમારી પાસેથી અમારા અસીલ રાજેશકુમાર સૂર્યકાન્ત જસાણી, રે.બાબરા,મુ. બાબરાવાળાએ તેની મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

બાબરામાં આવેલ રહેણાંક મકાન સર્વે નં.૭૦૧/પૈકી, ૭૦૨/૧ પૈકી, પ્લોટ નં. ૩, ક્ષેત્રફળ ચો.મી.૧૭૫.૫૮ વાળી મિલ્કત રહેણાંક મકાન પટેલ છગનભાઈ કરમશીભાઈ વાવડીયા, રહે. બાબરા પાસેથી દસ્તાવેજ નં.૫૧૧/૧૯૯૯ ખરીદ કરેલ છે. તે મિલ્કતનું ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો મિલકતમાં કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સરકારી કે અર્ધ સરકારી – અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે ઉપરોકત મિલકત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ / વ્યકિતનો લાગ ભાગ, હક્ક–હિસ્સો આવેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખિત આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યથા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ / એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વીત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૦૩/૦૭/૨૦૨૪
ઓફીસ, મામલતદાર ઓફીસ સામે,
મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા.
મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

**હિતેષભાઈ એમ. મીઠાપરા**
(એડવોકેટ)


ઉચ્ચ અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું

# અમરેલીનાં બીએસએનએલનાં કર્મચારીએ પડતર માંગણી પૂર્ણ કરવા માંગ કરી

## સરકાર સામે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા



અમરેલી, તા. ૨

અમરેલી જીલ્લાના બીએસએનએલના પેન્શનરો દ્વારા પડતર માંગણીઓને લઈને આજે સરકાર સામે રોષ વ્યકત કરી એક ઓવદનપત્ર પાઠવ્યું હતું અને આ આવેદનપત્રમાં બીએસએનએલના પેન્શનરો દ્વારા પડતર માંગણીઓને લઈ તાત્કાલિક માંગણી સંતોષવામાં આવે તેવી માંગ કરી હતી.

અમરેલી ખાતે આવેલ બીએસએનએલ કચેરી ખાતે આજે પેન્સનરો દ્વારા પડતર માંગણીઓને લઈને દેખાવો કરી સુત્રોચ્ચાર કર્યા હતા અને સરકાર સામે રોષ વ્યકત કરી અને એક આવેદનપત્ર પાઠવ્યું હતું.

આ કાર્યક્રમમાં અમરેલી બીએસએનએલના મોટી સંખ્યામાં નિવૃત્ત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિહિપની યુવા પાંખ બજરંગ દળ દ્વારા

# અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં આજે રાહુલ ગાંધીનાં નિવેદનનો થશે વિરોધ

## વિરોધ પ્રદર્શનમાં હિન્દુ સમાજને જોડાવવા આહ્વાન

અમરેલી, તા. ૨

અમરલી જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદની યુવા પાંખ બજરંગદળ દ્વારા સંસદમાં રાહુલ ગાંધી દ્વારા હિન્દુઓ વિરૂદ્ધ કરવામાં આવેલી ટિપ્પણી અત્યંત આપતિજનક અને હિન્દુઓની લાગણીઓને આઘાત પહોંચાડનારી છે, જેના વિરોધમાં વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ દ્વારા વિરોધ પ્રદર્શન તા. ૩/૭/૨૦૨૪, બુધવારના સમય સાંજે ૪:૩૦ કલાકે જીવરાજ મહેતા ચોક, અમરેલી ખાતે બજરંગ દળના જિલ્લા સંયોજક વિદુરભાઈ ડાબસરાની આગેવાનીમાં આયોજન કરેલ છે.

આ પ્રદર્શનમાં સર્વે હિન્દુઓને જોડાવવા વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા પ્રમુખ ઈતેશભાઈ મહેતા, ઉપપ્રમુખ વિજયભાઈ દેસાઈ, રશ્મિનભાઈ ત્રિવેદી, બજરંગ દળના જિલ્લા સહ સયોજક અશ્વિન વાઢેર, જિલ્લા સહ સંયોજક જીગીશું મેહતા, શહેર સંયોજક મહાવીરભાઈ વીંછિયા, શહેર સહસંયોજક કેતન મેહતા, નગર પ્રમુખ પ્રતાપસિંહ રાઠોડે જોડાવવા આહવાન કરેલ છે.

નવા બસ સ્ટેન્ડ વિસ્તારની ઘટના

# દામનગરમાં સ્ટ્રીટલાઈટનાં પોલનો કેબલ તુટયો : પીજીવીસીએલએ કર્યુ રીપેરીંગ

## સદ્‌નસીબે શોર્ટ સરકીટની ઘટના ન બની



દામનગર, તા. ૨

દામનગર શહેરમાં આજે બપોરના સમયે નવા બસસ્ટેન્ડની સામે ડિવાઈડરમાં ઉભા કરાયેલ સ્ટ્રીટલાઈટનાં પોલમાં રહેલ કેબલ અચાનક તૂટતા, પી.જી.વી. સી. એલ.નાં કર્મચારી ડાંગરભાઈને જાણ થતા, ૧૦૮ની ઝડપે આવીને કેબલના આગળનો ભાગ કાપીને, ઈજારદાર હારૂનભાઈને બોલાવી તેઓએ તેમના કર્મચારી સાથે યોગ્ય રીપેરીંગ કરીને પોલમાં રહેલ બોર્ડમાં ફીટ કરતા, મોટી જાનહાનિ ટળી હતી. અને પસાર થતા લોકોમાં રાહત થઈ હતી.

# અમરેલીનાં સરકારી જીલ્લા પુસ્તકાલયમાં ગ્રંથપાલ કે.એમ. રાઠવા નિવૃત્ત થતાં વિદાય સભારંભ યોજાયો



અમરેલીમાં સરકારી જીલ્લા પુસ્તકાલયમાં ગ્રંથપાલ તરીકે ફરજ બજાવતા કે એમ રાઠવા વય મર્યાદાના કારણે નિવૃત થતા જીલ્લા પુસ્તકાલય સ્ટાફ પરિવાર દ્વારા ભવ્ય વિદાય સભારંભનું આયોજન અહીં પુસ્તકાલય ખાતે કરવામાં આવ્યું હતું. ભાવનગર મદદનીશ ગ્રંથાલય નિયામક એલ આર મોઢના અધ્યક્ષ સ્થાને આયોજીત ભવ્ય વિદાય સમારંભમાં જીલ્લા સરકારી પુસ્તકાલય અને તાલુકા પુસ્તકાલયના એ,કે નકુમ એચ એમ મણીયાર, ડો. ભારતી બેન, પી.એન.ઈન્દ્રોડિયા, સોનલબેન, સારગભાઈ સંજયભાઈ, રાકેશભાઈ, રમેશભાઈ, છાયાબેન, સહિતના કર્મચારીઓ ઉપસ્થિત રહી વય મર્યાદાના કારણે નિવૃત થતા ગ્રંથપાલકે એમ રાઠવાને શુભેચ્છાઓ પાઠવી હતી તેમજ પુસ્તકાલયના વાચક મિત્રો પણ શુભેચ્છાઓ પાઠવી હતી. મદદનીશ ગ્રંથાલય નિયામક એલ આર મોઢા દ્વારા કે એમ રાઠવાની જીલ્લા પુસ્તકાલયમાં ગ્રંથપાલ તરીકે ફરજકાળ ને યાદ કરી તેમની સરાહના કરવામાં આવી હતી તેમજ દરેક કર્મચારીઓ દ્વારા પણ સ્મરણો વાગોળી કામગીરીને બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અમરેલી શહેરના જાણીતા એન્કર ડો. ભારતીબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

## ફૂટપાથ, જાહેર માર્ગ અને સાર્વજનિક પ્લોટ ઉપર વ્યાપક પ્રમાણમાં દબાણ

# અમરેલીમાં મનફાવે ત્યાં દબાણ થાય, કોઇ પુછવાવાળુ જ નથી

**હરિરામબાપા ચોકથી લઈને ગાંધીબાગ થઈને અતિથિગૃહ અને બાદમાં ગોળ હોસ્પિટલ સુધી ફૂટપાથ પર દબાણ**

**સરદાર સર્કલથી ટેકનિકલની દીવાલ સુધીની ફૂટપાથ ઉપર દબાણ થઈ ગયું**

**ડો. જીવરાજ મહેતા ચોકની ચારે દિશાઓમાં પણ રેંકડીઓ, કેબિનો, છાપરા અને ઓટલાનું દબાણ**

**શહેરમાં પાલિકાએ દબાણ હટાવ જેવી કોઇ શાખાનું નિર્માણ કર્યુ હોય તેવું લાગતું નથી**

અમરેલી, તા. ૨

અમરેલી શહેર એટલે ''સબ ભૂમિ ગોપાલ કી'' હોય તેમ જેમને જયાં ફાવે ત્યાં રેંકડીઓ મુકી દે, કેબિનો ઉભી કરે કે ઓટલા–છાપરાનું નિર્માણ કરે કે કોઈ તો દુકાનો અને રહેણાંક મકાનો બનાવે તો વળી કોઈ ગોડાઉન બનાવી નાખે કારણ કે કોઈ પુછવાવાળુ જ નથી અને પાલિકા પાસે દબાણ હટાવ જેવી કોઈ શાખા હોય તેવું લાગતું નથી.

શહેરમાં કોઈ ગરીબ વ્યકિત તેમની રોજગારી અર્થે રેંકડી કે કેબિનો ઉભી રાખીને ધંધો–વ્યવસાય કરે તેનો કોઈ વાંધો ન હોય શકે પરંતુ ટ્રાફિકને નડતરરૂપ કેબિન કે રેંકડી ઉભી રાખવી યોગ્ય નથી. રોજગારી મેળવવાનો સૌને અધિકાર છે.

પરંતુ સાર્વજનિક પ્લોટ કે જાહેર માર્ગ ઉપર ઓટલા, છાપરા કે મકાનો, દુકાનો બનાવવા તે બાબત ગેરકાયદેસર છે અને તેને હટાવવું તે પાલિકાની જવાબદારી છે.

શહેરીજનો પાલિકાની તિજોરી વિવિધ કરવેરા ભરીને છલકાવે છે બદલામાં શહેરીજનોને જાહેર માર્ગો ઉપર કે ફૂટપાથ પર અવરજવર કરવામાં મુશ્કેલી ન થવી જોઈએ તેની કાળજી પાલિકાએ લેવાની હોય છે.

શહેરમાં પાલિકાની નિષ્ક્રીયતાથી વ્યાપક પ્રમાણમાં દબાણ થયું હોય શાસકોએ આળશ ખંખેરીને દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરીને જાહેર માર્ગો અને ફૂટપાથોને ખુલ્લા કરવા જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

## ઉનામાં વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયેલ નાગરિકોને દેશના નવા કાયદા વિશે માહિતગાર કરાયા



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના



ઉના, તા. ૨

ગઈકાલ ૧ જુલાઈથી દેશમાં લાગુ થયેલ ત્રણ નવા કાયદાઓમાં ફેરફાર કરી કલમોમાં ફેરફાર કરાયો છે અને વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયેલા લોકોને માહિતગાર કરવા ઉના પોલીસ દ્વારા જાહેર કાર્યક્રમ કરવામાં આવ્યો હતો ગઈકાલ ૧ જુલાઈથી આપણા ભારત દેશમાં અંગ્રેજોના સમયથી અમલમાં આવેલા ત્રણ જેટલા ફોજદારી કાયદાને બદલવામાં આવ્યા છે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ભારતીય ન્યાય સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ આ ત્રણ નવા કાયદાઓ છે જે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ફોજદારી પ્રક્રિયા ૧૮૯૮ તેમજ ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ને બદલવામાં આવી છે તે બાબતે લોકોને પોલીસ અને વકીલો દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા.

ઉના શહેર તેમજ તાલુકામાં વસતા લોકોએ વ્યાજખોરો પાસેથી ઊંચા વ્યાજે નાણા લીધેલ હોય અને તેમની પાસે પઠાણી ઉઘરાણીઓ કરતા હોય તો ખાનગી વ્યાજખોર વિઢ્દ્ધ પોલીસ દ્વારા ઝુંબેશ ચલાવવામાં આવે છે ઉપરાંત લોકોમાં જનજાગૃતિ આવે તે માટે ઉનાના દેલવાડા રોડ પર આવેલ નગરપાલિકા ટાઉનહોલ ખાતે ખાસ લોકજાગૃતિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં ઉના વિભાગ ડીવાયએસપી એમ. એફ. ચૌધરી, ઉના પી. આઈ એમ.એન રાણા, નવાબંદર પીએસઆઈ વિજયસિંહ. ઝાલા, ઉના પી.એસ.આઈ એચ.એલ જેબલિયા, ઉના સરકારી વકીલ વસાવાભાઈ, ઉના નગરપાલિકા પ્રમુખ પરેશભાઈ બાંભણિયા, ઉના નગરપાલિકા સદસ્ય રાધે ઉર્ફે ચંદ્રેશ જોષી, વકીલ રામજીભાઈ પરમાર, વકીલ મોહનભાઈ બાંભણિયા વેપારી એસોસિએશનના પ્રમુખો, સામાજિક આગેવાન રસિક ચાવડા, ઉના સરકારી તેમજ ખાનગી બેન્કના બ્રાન્ચ મેનેજરો તેમજ ઉના એ.આર. ભટ્ટ લો કોલેજના પ્રિન્સિપાલ સિદ્ધાર્થ ઓઝા સહિતનાઓ ઉપસ્થિત રહી ખાસ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી જે લોકોએ ધીરધાર પાસેથી ઉંચા વ્યાજે ઉછીના રૂપિયા લેતા હોય છે ત્યારે તેઓને ખાનગી ધીરધારોના બદલે ઉના નગરપાલિકા સહિત અન્ય બેન્કો માંથી ઓછા વ્યાજે રૂપિયા કેવી રીતે મળી શકે અને લોન કેવી રીતે મેળવવી તે અંગે લોકોને માહિતી આપવામાં આવી હતી અને આવા ઉંચા વ્યાજે નાણા આપતા લોકો પાસેથી રહીશોએ નાણાં લીધેલ હોય અને તેઓને હેરાન પરેશાન કરતા હોય તો ઉના પો.સ્ટે આવી પોતાની વાત રજુ કરે તેવું પણ કાર્યક્રમના અંતે જણાવાયું હતુ.




## સૌરાષ્ટ્ર નાગરિક શરાફી મંડળી દ્વારા ભેંસાણનાં સભાસદનું નિધન થતાં વારસદારને વીમાની રકમનો ચેક અર્પણ

**મંડળીનાં ચેરમેન અનિલ વેકરિયા ઉપસ્થિત રહ્યા**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા


બગસરા, તા. ૨

સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરા શાખાનાં ભેંસાણના સભાસદ સ્વ.ભીમજીભાઈ ગોબરભાઈ જોધાણીનું આકસ્મિક અવસાન થતા તેમના વારસદારને મંડળી તરફથી શ્રી સ્વામી વિવેકાનંદ સભાસદ વિમા યોજના હેઠળનો ચેક અર્પણ કરવામાં આવેલ હતો. આ તકે મંડળીનાં ચેરમેન અનિલભાઈ વેકરિયા, એડ.બોર્ડ મેમ્બર ભાવેશભાઈ ત્રાપસિયા, પ્રકાશભાઈ સાવલિયા, ભરતભાઈ સખરેલિયા, પ્રદીપભાઈ કાનપરીયા, સોનલબેન સોજીત્રા તથા પ્રવિણભાઈ સોજીત્રા, જયંતીભાઈ તારપરા, નવવનીતભાઈ મોવલિયા સહિત ઉપસ્થિત રહ્યાં હતા.

### ભાજપ સરકાર સંરક્ષિત ગૂંડા તત્વોને કાયદાનો ડર નથી

## રાતનાં અંધારામાં હુમલો કરનાર કાયર : કોંગી નેતા અમિત

**ભાજપ સામે કોંગ્રેસ ઝૂંકવાની નથી**




અમદાવાદ, તા. ૨


વિધાનસભા ખાતે પ્રેસ મીડિયાને સંબોધન કરતા અમિત ચાવડાએ જણાવ્યું કે, ગઈકાલે મોડી રાત્રે ગુજરાત પ્રદેશ કોંગેસ સમિતિનાં ભવન ખાતે ભારતીય જનતા પાર્ટી અને આર.એસ.એસ.નાં ગુંડાઓ દ્વારા જે હિચકારો હુમલો કરવામાં આવ્યો, તોડ–ફોડ કરવામાં આવી. તેને સખત શબ્દોમાં વખોડીએ છીએ.

દેશની સંસદમાં વિરોધપક્ષનાં નેતા રાહુલ ગાંધી દ્વારા જે ભાષણ આપવામાં આવ્યું કે ભાજપ–આર.એસ.એસ. દ્વારા રાજકીય લાભ માટે ધર્મનાં નામે ખોટા દુઢપયોગને ખુલ્લા પાડી સરકારની નિષ્ફળતાઓને ઉજાગર કરી છે. એનાથી ડરી ગયેલા ભાજપનાં નેતાઓ અને આર.એસ.એસ.વાળા લોકો ગુંડા તત્વોને મોકલીને આ હિચકાઢં કૃત્ય કરવામાં આવ્યું છે. ભારત દેશ વિવિધ ધર્મ, જાતિ, ભાષા, પ્રાંતનો બનેલો દેશ છે અને એમાં જે હિંદુ ધર્મ છે, હિંદુ સંસ્કૃતિ છે જે આ દેશની સંસ્કૃતિ છે. એની વાત કરીને રાહુલ ગાંધીએ ભગવાન શિવનાં ઉદાહરણ સાથે ખુબ સાચી વાત કરી કે કોઈપણ ધર્મ કોઈને ડરાવતો પણ નથી અને કોઈપણ ધર્મ હિંસા ફેલાવતો નથી. હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, બુદ્ધ કે ભગવાન મહાવીર હોય. આ તમામ ધર્મ અને તમામ સંસ્કૃતિએ શાંતિ, પ્રેમ, ભાઈચારો, દયાનો આપણને પાઠ ભણાવ્યો છે અને એ મુજબ જ આ દેશ ચાલ્યો છે. પણ પોતાના રાજકીય લાભ માટે ભાજપ દ્વારા લોકોને ડરાવવામાં આવી રહ્યા છે, દબાવવામાં આવી રહ્યા છે અને ધર્મના નામે રાજનીતિ કરી લોકોની વચ્ચે ભાગલા પાડી રાજ કરવાની જે નીતિ ચાલી રહી છે એને રાહુલ ગાંધીએ ગઈકાલે સાચા અર્થમાં ખુલ્લી પાડી. હિંદુ ધર્મ અને હિંદુ સંસ્કૃતિ કયારેય હિંસામાં માને જ નહી, કોઈ પણ સાચો હિંદુ હોય એ કયારેય હિંસા, ભેદભાવ, નફરત અને કોઈને પણ ડરાવવા–ધમકાવવાનો પ્રયત્ન કરે જ નહિ. પણ આ ભાજપ અને આર.એસ.એસ. પોતાના રાજકીય એજન્ડા માટે જાણે હિંદુ ધર્મના એ એકલા જ ઠેકેદારો હોય એ રીતે વર્તી લોકોને ડરાવી–ધમકાવી રહ્યા છે અને દેશમાં હિંસા ફેલાવી રહ્યા છે.

રાહુલ ગાંધીએ જે સાચી વાત કરી એનું ખોટું અર્થઘટન કરી, આખા પ્રવચનની થોડી કલીપ લોકોને બતાવી સમાજને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા છે. પણ રાહુલ ગાંધીના ભાષણે હિંદુ ધર્મનાં ખોટા ઠેકેદારો જે ભાજપ, આર.એસ.એસ.નાં નેતાઓને ખુલ્લા પાડી દીધા એના કારણે ડરી જઈને કોંગ્રેસ ભવન ઉપર હુમલો કર્યો છે. અડધી રાત્રે અંધારામાં આવી કાયરતાપૂર્ણ હુમલો કર્યો છે. ભવનના ચોકીદાર હતા તેમની દીકરી સગર્ભા હતી એની પર પણ હુમલો કરવામાં આવ્યો. ધર્મની આડમાં લોકોને ડરાવવા–ધમકાવવા નીકળેલા ભાજપનાં પીઠ્ઠુઓ અને ગુંડા–મવાલી તત્વો દ્વારા હુમલો થયો છે. અમે એને સખત શબ્દોમાં વખોડીએ છીએ અને સાથેસાથે સરકારમાં પણ બેઠેલા લોકોને કહેવા માંગીએ છીએ કે, એકવાર નહિ આવા અનેક હુમલાઓ તમે ડરાવવા માટે કરાવ્યા છે પણ કોંગ્રેસ કે કોંગ્રેસના કાય 'કરે કયારેય વિચારધારામાંથી પીછેહઠ કરી નથી કે કોઈનાથી ડર્યા પણ નથી અને ડગ્યા પણ નથી. ત્યારે આવા તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે.

વધુમાં અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીએ સંસદમાં ખુબ સાચી વાત કરી છે કે આવનારા સમયમાં ભાજપને ગુજરાતમાં હરાવીશું. અંધારામાં આવીને હુમલો કરવા નીકળ્યા છો એના બદલે ભાજપના નેતાઓમાં જો હિંમત હોય તો સમી છાતીએ આવે અમે લડવા માટે તૈયાર છીએ, ગુજરાતના લોકોના ન્યાય માટે અધિકાર માટે અમારી પાસે જે લડાઈના શસ્ત્રો છે સંવિધાન, સત્ય અને અહિંસા એનાથી આ લડાઈ લડીશું અને લડવામાં કયારે પીછેહઠ નહિ થાય કયારેય ડરાવી–દબાવી નહિ શકો, અને આવનારા સમયમાં ૧૦૦ ટકા ગુજરાતમાં તમને હરાવીશું. એ વાત ભાજપ અને આર.એસ.એસ.નાં નેતાઓને કહેવા માંગીએ છીએ. આ કૃત્યને સખતમાં સખત શબ્દોમાં વખોડી સરકાર આવા ગુંડા–મવાલી તત્વોને પ્રોત્સાહન આપવાનું બંધ કરે અને સાચા અર્થમાં સરકાર જો લોકોનું હિત જોતી હોય તો આવા તત્વો સામે કડકમાં કડક કાર્યવાહી કરે એવી માંગણી કરીએ છીએ.




ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

A.P.C.C.S

માત્ર ૨૦ જ મીનીટમાં... ફકત ૯.૯૦%ના વાર્ષિક વ્યાજ દરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડ લોન

ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી

'પીપલ્સ ભવન', ફ્રુટ માર્કેટ, પ્રથમ માળ, ઈન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી.

કોન્ટેકટ નંબર-૦૨૭૯૨-૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪












### UPના ભોલે બાબા સત્સંગમાં મોટી દુર્ઘટના સર્જાઈ

# યુપીના હાથરસમાં સત્સંગ વખતે ભાગદોડમાં ૧૨૦થી વધુના મોત

**આ મૃતકોમાં અનેક મહિલાઓ અને બાળકો પણ સામેલ છે, જ્યારે ૧૫૦થી પણ વધુ લોકો ઈજાગ્રસ્ત છે. એટાના ચીફ મેડિકલ ઓફિસરે આ વાતની પુષ્ટિ કરી**

ઉત્તર પ્રદેશ, તા. ૨

ઉત્તર પ્રદેશના હાથરસમાં આવેલા રતિભાનપુરમાં બાબા ભોલેના સત્સંગ વખતે નાસભાગ મચી ગઈ હતી. આ ઘટનામાં ૧૨૦થી વધુ લોકોના મોત થતા ખળભળાટ મચી ગયો છે. આ મૃતકોમાં અનેક મહિલાઓ અને બાળકો પણ સામેલ છે, જ્યારે ૧૫૦થી પણ વધુ લોકો ઈજાગ્રસ્ત છે. એટાના ચીફ મેડિકલ ઓફિસરે આ વાતની પુષ્ટિ કરી હતી. આ ભયાવહ દુર્ઘટના પછી મુખ્યમંત્રી કાર્યાલયે પણ સંજ્ઞાન લીધું હતું. આ દરમિયાન અનેક લોકોને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડાયા હતા. રાજ્ય સરકારે રાહત અને બચાવ કાર્યમાં ઝડપ લાવવાના નિર્દેશ આપ્યા છે. આ ઉપરાંત એડીજી આગરા અને અલીગઢના કમિશનરના નેતૃત્વમાં આ દુર્ઘટનાની તપાસના પણ આદેશ અપાયા છે. યોગી સરકારના નિર્દેશ પછી સરકારના બે વરિષ્ઠ મંત્રી અને મુખઅય સચિવ સાથે ડીજીપી પણ ઘટના સ્થળે પહોંચી ગયા છે.

બાબા ભોલેનો સત્સંગ ખતમ થઈ ગયો હતો. ત્યાર પછી અનેક લોકો એક નાનકડા હૉલમાંથી એકસાથે બહાર નીકળી રહ્યા હતા. એટલું જ નહીં, તેનો પ્રવેશદ્વાર પણ નાનો હતો. ત્યારે પહેલા બહાર નીકળવાની લ્હાયમાં ધક્કામુક્કી થઈ અને મામલો બિચક્યો. પ્રાથમિક અહેવાલો પ્રમાણે, આ મૃતકોમાં મોટા ભાગની મહિલાઓ અને બાળકો છે. ભોલે બાબાનું અસલી નામ નારાયણ સાકાર હરિ છે. તેઓ એટા જિલ્લાના પટયાલી તાલુકાના ગામ બહાદુર નગરના રહેવાસી છે. આશરે ૨૬ વર્ષ પહેલા તેમણે સરકારી નોકરી છોડીને પ્રવચનો આપવાનું શરૂ કર્યું હતું. એકવાર તેમણે પ્રવચનમાં જણાવ્યું હતું કે 'હું પહેલા ગુપ્તચર બ્યુરોમાં કામ કરતો હતો.' ભોલે બાબા ઉત્તર પ્રદેશ, હરિયાણા, દિલ્હી, ઉત્તરાખંડ અને રાજસ્થાનમાં સૌથી વધુ ભક્તો ધરાવે છે.ભોલે બાબાના સત્સંગ કાર્યક્રમ દરમિયાન અચાનક ભાગદોડ મચી ગઈ હતી. કાર્યક્રમમાં ભાગ લેવા આવેલા અનેક શ્રદ્ધાળુઓના મોત થવાની આશંકા છે. પ્રવચનમાં હાજરી આપવા આવેલા સેંકડો ભક્તો ભારે ગરમીના કારણે બેહોશ થઈ ગયા હતા. માહિતી મળતાં જ પોલીસ અને પ્રશાસને સેંકડો લોકોને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કર્યા છે. આ ઘટના સિકંદરરાવ કોતવાલી વિસ્તારના ફૂલરાઈ ગામમાં બની હતી.પ્રત્યક્ષદર્શી જ્યોતિએ કહ્યું, "અમે સત્સંગમાં ગયા હતા. ત્યાં ઘણી ભીડ હતી, રસ્તો સંપૂર્ણપણે જામ હતો, બહાર જવા માટે જગ્યા નહોતી. હું અને મારી માતા મેદાનમાંથી બહાર નીકળી રહ્યા હતા જ્યારે જગ્યા ન હતી. " આને કારણે, તેમાંથી ઘણા મૃત્યુ પામ્યા જ્યારે દરેક એકબીજાને ધક્કો મારતા હતા.

### કેજરીવાલ ૧૨ જુલાઈ સુધી ન્યાયિક કસ્ટડીમાં છે

# કેજરીવાલની ધરપકડ પર સીબીઆઈને હાઈકોર્ટની નોટિસ

**એફઆઈઆર ૨૦૨૨માં જ નોંધવામાં આવી હતી તેને એપ્રિલ ૨૦૨૩માં બોલાવવામાં આવ્યા હતા અને ૯ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી**

નવી દિલ્હી, તા. ૨

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સીબીઆઈ દ્વારા ૨૬ જૂને ધરપકડ કરવામાં આવી હતી. કેજરીવાલની અગાઉ ૨૧ માર્ચે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. કેજરીવાલે ધરપકડને પડકારી હતી. CBI દ્વારા કરાયેલી ધરપકડને પડકારતી મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની અરજી પર મંગળવારે દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી થઈ. જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાએ સીબીઆઈને નોટિસ પાઠવીને ૭ દિવસમાં જવાબ માંગ્યો છે. કેસની આગામી સુનાવણી ૧૭ જુલાઈએ થશે.જસ્ટિસ નીના બંસલ કૃષ્ણાની બેન્ચે કેજરીવાલની અરજી પર સુનાવણી કરી હતી. કેજરીવાલના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કેજરીવાલની ધરપકડ પર સવાલ ઉઠાવ્યા અને કહ્યું કે એફઆઈઆર ૨૦૨૨માં જ નોંધવામાં આવી હતી. તેને એપ્રિલ ૨૦૨૩માં બોલાવવામાં આવ્યો હતો અને ૯ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. ત્યારપછી કંઈ થયું ન હતું અને હવે તેની ધરપકડ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે ધરપકડના મેમોમાં કેટલાક કારણો જણાવવા જરૂરી છે. કોર્ટે સિંઘવીને પૂછ્યું કે તમે ધરપકડને રદ કરીને કસ્ટડીમાંથી મુક્ત કરવાની માંગ કરી રહ્યા છો? સિંઘવીએ હામાં જવાબ આપતાં કોર્ટે પૂછ્યું, 'તમે જામીન અરજી કરી છે?' સિંઘવીએ જવાબ આપ્યો કે તેણે હજી સુધી આવું કર્યું નથી, પરંતુ તેમ કરવા જઈ રહ્યો છું. કોર્ટે સીબીઆઈને નોટિસ પાઠવીને જવાબ દાખલ કરવા કહ્યું છે. ન્યાયાધીશે શનિવારે કેસની યાદી આપવા જણાવ્યું હતું.કેજરીવાલે સ્પેશિયલ કોર્ટના ૨૬ જૂનના આદેશને પણ પડકાર્યો છે, જેના હેઠળ તેમને ત્રણ દિવસના CBI રિમાન્ડ પર મોકલવામાં આવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે સીબીઆઈએ ધરપકડ માટે ખોટા આધાર બનાવ્યા. ધરપકડ માટે કોઈ તર્ક આપવામાં આવ્યો ન હતો. અરજીમાં કહેવામાં આવ્યું છે કે તેમની ધરપકડ ૪ જૂન પહેલા સીબીઆઈના કબજામાં રહેલી સામગ્રીના આધારે કરવામાં આવી હતી. પહેલેથી જ ઉપલબ્ધ સામગ્રીના આધારે ધરપકડ ગેરકાયદેસર છે, જેમાં પુનઃમૂલ્યાંકન સામેલ છે, જેની કાયદા દ્વારા પરવાનગી નથી.

### અખિલેશ યાદવે એનડીએ સરકાર ઉપર જોરદાર હુમલો કર્યો

# ભાજપની અયોધ્યામાં થયેલી હાર પર અખિલેશનો કટાક્ષ

**સાંસદે કહ્યું "હોઈ વહી જો રામ રચિ રાખા", બીજેપીની વિકાસની વ્યાખ્યાને આ શબ્દોમાં વખોડી**

નવીદિલ્હી, તા. ૨

સંસદના વિશેષ સત્રમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ દરમિયાન બોલતા યુપીના પૂર્વ સીએમ અને સમાજવાદી પાર્ટીના ચીફ અખિલેશ યાદવે એનડીએ સરકાર જોરદાર હુમલો કર્યો છે. યુપીમાં બીજેપીને મોટો ઝટકો અને અયોધ્યા સીટ પર મળેલી હારને લઈને અખિલેશ યાદવે કહ્યું કે ત્યાંની જીત ભારતના પરિપક્વ જનતાની જીત છે. તેમણે સત્તાધારી પાર્ટી બીજેપી પર કટાક્ષ કરતા કહ્યું કે હોઈ વહી જે રામ રચિ રાખા. અખિલેશ યાદવે એક કવિતા દ્વારા એનડીએ સરકાર પર નિશાન સાધતા કહ્યું કે આ તેમનો નિર્ણય છે, જેમની લાકડીમાંથી અવાજ નથી આવતો, જે લોકો કોઈકને લાવવાનો વાયદો કરતા હતા, તેઓ જ હાલ કોઈકના સહારાના લાચાર છે. અમે અયોધ્યામાંથી લાવ્યા છે, તેમના પ્રેમનો પૈગામ, જો સચ્ચે મનસે કરતે હે, સબકા કલ્યાણ, સદીઓથી જન જન ગાતા હૈ જિનકા નામ, અભયદાન દેતી હૈ જિનકી મંદ મંદ મુસ્કાન, માનવતા કે લિએ જીનકા ઉઠતા તીર કમાન, જે અસત્ય પર સત્યની જીત કા હો નામ, ઉફનતી નદી પર જો બાંધે મર્યાદાનો બંધ, વો હૈ અવધ કે રાજા પુરષોતમ રામ, હમ અયોધ્યાથી લેકર આયે હૈ પ્રેમ કા પૈગામ. આ સિવાય અખિલેશ યાદવે કહ્યું કે બંધારણ જ સંજીવની છે અને તેમની જીત થઈ છે. બંધારણના રક્ષકોની જીત થઈ છે. આ સરકાર ચાલે તેવી નથી, પડે તેવી સરકાર છે. તેમણે કહ્યું કે ઉત્તરપ્રદેશના લોકોનો બસ એ જ આગ્રહ છે, જે ગંગા જળને લઈને સાચુ કહેવાના કસમ ખાવામાં આવે છે. ઓછામાં ઓછું આ ગંગા જળથી તો ખોટું ન કહેવામાં આવે. વિકાસનો ઢઢેરો પીટનારા વિનાશની જવાબદારી ક્યારે લેશે, મંદિરની ટપકતી છત અને રેલવે સ્ટેશનની પડેલી દિવલે ભષ્ટ્રાચારની પોલ ખોલી દીધી છે. તેમણે કહ્યું કે અમે જે રસ્તાઓ બનાવ્યા હતા, તેની પર હવાઈ જહાજો ઉતરતા હતા અને ઉત્તરપ્રદેશના મુખ્ય નગરના રસ્તાઓ પર તો હોડીઓ ઉતરી છે. હવે વધુ વરસાદ પડશે તો હોડીથી જ ચાલવું પડશે, આ જ સ્માર્ટ સિટીના દાવાઓનો હાલ છે. છેલ્લા ૧૦ વર્ષની ઉપલબ્ધિઓ એટલી રહી કે એક શિક્ષા પરીક્ષા માફિયાનો જન્મ થયો.

### અલ્હાબાદ HCની ગંભીર ટિપ્પણી

# ખ્રિસ્તી ધર્મમાં ગેરકાયદે રીતે ધર્માંતરણ મોટા પાયે થઈ રહ્યું છે : હાઈકોર્ટ

**ધર્માંતરણ રોકવામાં નહીં આવે તો બહુમતી પણ લઘુમતી થઈ જશે**

અલ્હાબાદ, તા. ૨

અલ્હાબાદ હાઈકોર્ટે ધર્માંતરણ અંગે મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. હાઈકોર્ટે કહ્યું છે કે, 'જો ધર્માંતરણ જે રીતે થઈ રહ્યું છે તે રીતે ચાલુ જ રહેશે તો દેશની બહુમતી વસ્તી પણ લઘુમતી બની જશે. સમગ્ર ઉત્તર પ્રદેશમાં SC/ST અને આર્થિક રીતે ગરીબ લોકોનું ખ્રિસ્તી ધર્મમાં ગેરકાયદે રીતે ધર્માંતરણ મોટા પાયે થઈ રહ્યું છે.' જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલે ધર્મ પરિવર્તનના આરોપી કૈલાશની જામીન અરજી ફગાવી દેતા આ ટિપ્પણી કરી હતી.હમીરપુરના મૌદહા પોલીસ સ્ટેશનમાં અરજદાર કૈલાશ વિરુદ્ધ ગેરકાયદેસર ધર્મ પરિવર્તનની કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. ફરિયાદી રામકલી પ્રજાપતિના ભાઈ રામફલને કૈલાશ હમીરપુરથી દિલ્હી એક સામાજિક સમારોહ અને કલ્યાણ સમારોહમાં હાજરી આપવા માટે લઈ ગયા હતા. FIR મુજબ, ગામના ઘણા લોકોને સમારોહમાં લઈ જવામાં આવ્યા હતા અને ખ્રિસ્તી ધર્મ પરિવર્તિત કરી દેવામાં આવ્યા હતા. ફરિયાદીનો ભાઈ પણ માનસિક બિમારીથી પીડાતો હતો.અરજદારના એડવોકેટે જણાવ્યું હતું કે, અરજદારે ફરિયાદીના ભાઈનું ધર્માંતરણ કર્યું નથી. સોનુ પાદરી જ આવી બેઠક યોજી રહ્યો હતો અને તે પહેલા જ જામીન પર છૂટી ગયો છે. આ દરમિયાન રાજ્ય વતી હાજર રહેલા એડિશનલ એડવોકેટ જનરલ પી.કે. ગિરીએ જણાવ્યું હતું કે, આવી બેઠકોનું આયોજન કરીને મોટી સંખ્યામાં લોકો ખ્રિસ્તી ધર્મ અપનાવી રહ્યા છે. કૈલાશ ગામડાના લોકોને ઈસાઈ ધર્મ અપનાવવા લઈ જતો હતો અને આ કામ માટે તેને ઘણા પૈસા આપવામાં આવતા હતા.

### રાહુલ ગાંધીના નિવેદન પર અમદાવાદમાં થયો વિરોધ

# કોંગ્રેસ કાર્યાલયમાં તોડફોડ તો પોસ્ટર પર કાળી શાહી લગાવાઇ

**વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગદળના કાર્યકરોમાં રોષ**

અમદાવાદ, તા. ૨

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ૧ લી જુલાઈના રોજ લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચા દરમિયાન હિંદુ પર આપેલા નિવેદનનો વિરોધ થઈ રહ્યો છે. દિલ્હીમાં ભાજપના અનેક નેતાઓએ તેમના નિવેદનની નિંદા કરી હતી અને રાહુલ ગાંધીની માફી માંગવાની માંગ કરી હતી. ત્યારે ૨ જુલાઈએ અમદાવાદના કોંગ્રેસ કાર્યાલયમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળના કાર્યકર્તાઓ દ્વારા વિરોધ દર્શાવવામાં આવ્યો છે. અમદાવાદમાં કોંગ્રેસ કાર્યાલયમાં ૨૦થી ૨૫ લોકોના ટોળાએ તોડફોડ કરી હતી. આ સાથે ટોળા દ્વારા રાહુલ ગાંધીના પોસ્ટર પર કાળી શાહી લગાવી હતી.મળતી માહિતી અનુસાર, અમદાવાદમાં કોંગ્રેસ કાર્યાલય રાજીવ ગાંધી ભવન પર મોડી રાત્રે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગદળના કાર્યકરો રોષ સાથે પહોંચી વિરોધ કર્યો હતો. કોંગ્રેસ કાર્યાલયને તાળાબંધી કરી હતી. તેમજ વહેલી સવારે વી.એસ. હોસ્પિટલ પાસે આવેલા GPCC ખાતે વિરોધ કરવા માટે સ્પ્રે અને પોસ્ટર સાથે લોકો પહોંચ્યા હતા.લોકસભામાં રાહુલ ગાંધીએ હિન્દુ પર આપેલા નિવેદનનો વિરોધ મુદ્દે પાલડી સ્થિતિ કોંગ્રેસ કાર્યલાય ખાતે તોડફોડ કરવામાં આવી છે. આ મુદ્દે ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડાએ 'ઠ' પર પોસ્ટ કરીને માહિતી આપી છે.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પ્રવક્તા હેમાંગ રાવલે જણાવ્યું છે કે, 'બજરંગ દળ દ્વારા કોંગ્રેસની ઓફિસ પર હુમલો કરવામાં આવ્યો છે. હું કોંગ્રેસ ઓફિસે હું પહોંચું છું અને આ કહેવાતા નકલી હિંદુઓને ચેલેન્જ આપું છું કે રાતના અંધારામાં આ પ્રકારના કાયરતા પૂર્ણ હુમલા કરો છો આવો હું કોંગ્રેસ ઓફિસ પર ઉપલબ્ધ છું.' નોંધનીય છે કે, કોંગ્રેસ કાર્યાલય પર થયેલા હુમલામાં થયેલ નુકશાન અંગે કોંગ્રેસ દ્વારા હજી કોઈ અધિકૃત માહિતી આપવામાં આવી નથી.સંસદ સત્રના છઠ્ઠા દિવસે લોકસભા અને રાજ્યસભા બંને સદનોમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર ચર્ચા થઈ હતી. આ દરિયાન રાહુલ ગાંધીએ ચર્ચાની શરૂઆત કરી અને બંધારણના બહાને મોદી સરકાર પર ચાબખા મારવાનું શરૂ કર્યું. તેમણે પોતાના ભાષણની શરૂઆત બંધારણની કોપી હાથમાં લઈને કરી. આ દરમિયાન રાહુલ ગાંધીએ એક એવું નિવેદન આપ્યું જેથી હંગામો મચી ગયો. તેમણે કહ્યું કે, 'મોદીજીએ પોતાના ભાષણમાં એક દિવસ કહ્યું કે હિંદુસ્તાને ક્યારેય કોઈના પર હુમલો કર્યો નથી. તેનું કારણ છે, હિંદુસ્તાન અહિંસાનો દેશ છે, આ ડરતો નથી. આપણા મહાપુરૂષોએ સંદેશ આપ્યો છે- ડરો મત, ડરાવો મત. શિવજી કહે છે- ડરો મત, ડરાવો મત અને ત્રિશૂલને જમીનમાં દાટી દે છે. બીજી તરફ જે લોકો પોતાને હિંદુ કહે છે તે ૨૪ કલાક હિંસા-હિંસા-હિંસા, નફરત-નફરત-નફરત કરે છે. તમે હિંદુ છો જ નહી. તમે હિંદુ ધર્મમાં સ્પષ્ટ લખ્યું છે કે સત્યનો સાથ આપવો જોઈએ.' રાહુલ ગાંધીના આ નિવેદન આપતા જ ભાજપે તેમનો વિરોધ શરૂ કરી દીધો હતો. સંસદની અંદર અને બહાર વિરોધ પ્રદર્શનો થયા. વડાપ્રધાને નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે 'રાહુલ ગાંધી સમગ્ર હિંદુ સમાજને હિંસક બનાવી રહ્યા છે તે ગંભીર બાબત છે.' જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે 'ઠ' પર લખ્યું, 'રાહુલ ગાંધીએ કરોડો હિંદુઓનું અપમાન કર્યું છે કે હિંદુઓ હિંસા કરે છે, જુઠ્ઠું બોલે છે અને નફરત ફેલાવે છે. તેમણે આ માટે માફી માંગવી જોઈએ.

### કોરોનાના નવા વેરિઅન્ટે વધારી મુશ્કેલી

# યુએસ-યુકે સહિતના દેશોમાં કોરોનાના કેસોમાં વધારો

**યુએસમાં કોરોનાના ૧૭.૫% નવા કેસ માટે એલબી.૧ વેરિઅન્ટને મુખ્ય કારણ મનાય છે**

વોશિંગ્ટન, તા. ૨

ઘણા દેશોમાં ફરી એકવાર કોરોનાના કેસમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. તાજેતરના અહેવાલો અનુસાર વાયરસમાં ફરી એકવાર એક નવું પરિવર્તન સામે આવ્યું છે જેના કારણે એક નવું પ્રકાર એલબી.૧ બહાર આવ્યો છે. યુએસ અને યુકે સહિત ઘણા દેશોમાં આ નવા વેરિઅન્ટને કારણે હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે. સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (CDC) ના રિપોર્ટ અનુસાર, નવું વેરિઅન્ટ ઘણા મામલાઓમાં પડકારરૂપ બની શકે છે, એવી આશંકા છે કે તે ટૂંક સમયમાં કોરોનાના પહેલાના વેરિઅન્ટ KP.3ને પાછળ છોડી શકે છે.

સીડીસીએ તેના રિપોર્ટમાં કહ્યું કે, યુનાઈટેડ સ્ટેટ્સમાં કોરોનાના લગભગ ૧૭.૫% નવા કેસ માટે આ વેરિઅન્ટને મુખ્ય કારણ માનવામાં આવે છે. સીડીસીના પ્રવક્તા ડેવિડ ડાઈગલે એક નિવેદનમાં કહ્યું, ''અમે કોરોનાના તમામ પ્રકારો પર સતત નજર રાખીએ છીએ.'' કેટલાક દેશોમાંથી ચેપના વધતા જતા કેસોના અહેવાલો છે, ઘણા દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની પણ જરૂર પડી રહી છે. કોરોનાના નવા પ્રકારને લઈને દરેક વ્યક્તિએ સાવચેત રહેવાની જરૂર છે.

સીડીસીએ પોતાના રિપોર્ટમાં કહ્યું છે કે, આ વેરિઅન્ટ ખૂબ જ ઓછા સમયમાં ઝડપથી વધી રહ્યો છે.

જો કે, હાલમાં એવા કોઈ પુરાવા નથી કે નવા પ્રકાર હાલના KP.3 વેરિઅન્ટ કરતાં વધુ ચેપી છે અથવા તે ગંભીર રોગોનું કારણ બને છે? નવા વેરિઅન્ટ વિશેની પ્રાથમિક માહિતી અનુસાર, LB.1 ની મોટાભાગની પ્રકૃતિ KP.3 જેવી જ જોવા મળે છે. જો કે, નવા પ્રકારમાં વધારાનું પરિવર્તન જોવા મળ્યું છે જે સંભવિતપણે તેની ચેપીતામાં વધારો કરી શકે છે.સીડીસીના પ્રવક્તા ડેવિડ સમજાવે છે કે, પ્રારંભિક અભ્યાસના આધારે, અમે કહી શકીએ છીએ કે નવા વેરિઅન્ટના સ્પાઈક પ્રોટીનમાં જોવામાં આવેલ વધારાનું પરિવર્તન તે કેટલાક લોકોને વધુ સરળતાથી સંક્રમિત કરવાની ક્ષમતા આપે છે. અહીં નોંધનીય બાબત એ છે કે નવા વેરિઅન્ટના સ્પાઈક પ્રોટીનમાં જોવા મળેલો ફેરફાર ઓમિક્રોનના ત્નદ્ગ.૧ વેરિઅન્ટ જેવો જ છે. આ પહેલા જે પ્રકારો બહાર આવ્યા છે તેમાં એક-બે મ્યુટેશન પણ જોવા મળ્યા છે. આવા ફેરફારો કદાચ તમામ નવા પ્રકારો સાથે થાય છે. આવી સ્થિતિમાં LB.1 ની પ્રકૃતિ અથવા ચેપીતામાં વધુ ફેરફાર થવાની શક્યતા ઓછી છે.સીડીસીએ જણાવ્યું હતું કે આ સમયે તે સ્પષ્ટ નથી કે LB.1 ના પોતાના ચોક્કસ લક્ષણો છે કે કેમ. જો કે સરકારી એજન્સીએ તેની વેબસાઈટ પર કોવિડ -૧૯ ના મૂળભૂત લક્ષણો વિશે માહિતી આપી છે. આ લક્ષણો વાયરસના સંપર્કમાં આવ્યાના બે થી ૧૪ દિવસની વચ્ચે દેખાઈ શકે છે.

મોટાભાગના લોકોને તાવ અથવા શરદી, ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ, થાક, સ્નાયુ અથવા શરીરમાં દુખાવો, ગળામાં દુખાવો, ઉબકા કે ઉલ્ટી જેવી સમસ્યાઓ હોય છે. નિષ્ણાતોએ જણાવ્યું કે, આ લક્ષણો સિવાય, કેટલાક લોકોને છાતીમાં સતત દુખાવો અથવા દબાણ, મૂંઝવણ, ત્વચા અથવા હોઠના રંગમાં ફેરફાર જેવી ગંભીર સમસ્યાઓ પણ થઈ શકે છે. જો તમને આવા લક્ષણો હોય તો તેના પર ગંભીર ધ્યાન આપવાની જરૂર છે.

આરોગ્ય નિષ્ણાતોએ કહ્યું કે, કોરોનાનું આ નવું સ્વરૂપ પણ વાયરસમાં સતત થતા પરિવર્તનનો એક ભાગ છે. ચેપથી બચવા માટે તમામ લોકોએ સાવચેતી રાખવાની જરૂર છે. કોવિડ યોગ્ય વર્તન જેમ કે માસ્ક પહેરવું, હાથની સ્વચ્છતાની કાળજી લેવી, સામાજિક અંતર ચેપનું જોખમ ઘટાડવામાં મદદ કરી શકે છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને માસ્ક પહેરવાની સલાહ આપવામાં આવી છે.

### દિલ્હી પોલીસના તમામ કર્મચારીઓને અપાઈ હતી ટ્રેનિંગ

# નવા ફોજદારી કેસ નોંધવામાં પોલીસના પરસેવા છૂટ્યા

**સેક્શન યાદ ન હોવાને કારણે એપ અને બુકનો સહારો લેવો પડ્યો**

નવી દિલ્હી, તા. ૨

સોમવારે નવો કાયદો ઈન્ડિયન જસ્ટિસ કોડ (BNS) લાગુ થયા બાદ પોલીસકર્મીઓને કેસ નોંધવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો. કાયદાની નવી કલમો વિશે જાણકારીના અભાવને કારણે પોલીસ કર્મચારીઓ પોલીસ સ્ટેશનોમાં ઉપલબ્ધ નવા કાયદાના પુસ્તક અને મોબાઈલ એપની મદદથી કેસ નોંધતા જોવા મળ્યા હતા.દિલ્હી પોલીસે કાયદાના અમલ પહેલા દિલ્હી પોલીસના તમામ કર્મચારીઓને ટ્રેનિંગ આપી હતી. પરંતુ પોલીસકર્મીઓને નવી કલમો હેઠળ કેસ નોંધવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમય દરમિયાન પોલીસકર્મીઓ પુસ્તક અને એપ્લિકેશનની મદદથી સંબંધિત કલમો હેઠળ કેસ નોંધી રહ્યા હતા.પોલીસ કર્મચારીઓએ જણાવ્યું કે સેક્શન યાદ ન હોવાને કારણે તેમને એપ અને બુકનો સહારો લેવો પડે છે. એકાદ-બે મહિનામાં બધું સામાન્ય થઈ જશે. નવા કાયદા હેઠળ, આઉટર-નોર્થ ડિસ્ટ્રિક્ટ પોલીસે ગઈકાલે વિવિધ પોલીસ સ્ટેશનોમાં લૂંટ, સ્નેચિંગ, લડાઈ અને ચોરીના સાત કેસ નોંધ્યા છે. ઉત્તર-પશ્ચિમ જિલ્લા પોલીસે કેશવપુરમમાં એક યુવતી પાસેથી મોબાઈલ ફોન છીનવી લેવાનો કેસ નોંધ્યો હતો.પોલીસ સ્ટેશને પહોંચેલા આરડબ્લ્યુએના અધિકારીઓ સહિત સ્થાનિક લોકોને નવા કાયદા વિશે જાણ કરવામાં આવી હતી. આ દરમિયાન સ્ટેશન ઈન્ચાર્જ સહિત તમામ પોલીસકર્મીઓ હાજર રહ્યા હતા. કેશવપુરમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં, સામાજિક સંસ્થાઓ, વરિષ્ઠ નાગરિકો અને ધાર્મિક સંસ્થાઓ સાથે જોડાયેલા લોકોને નવા કાયદા વિશે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત નવા કાયદાને લગતા પોસ્ટર અને બેનરો પોલીસ સ્ટેશનો પર લગાવવામાં આવ્યા હતા અને રસ્તાઓ પર બેરિકેડ લગાવવામાં આવ્યા હતા. આ સ્થળોએ હાજર પોલીસકર્મીઓ લોકોને નવા કાયદા વિશે માહિતી આપતા જોવા મળ્યા હતા

### ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સોમવારે દિલ્હીમાં હતા

# ગુજરાતમાં નવા રાજ્યપાલની નિયુક્તિ થાય તો નવાઈ નહીં

**દેશના અનેક રાજ્યોમાં રાજ્યપાલો જુલાઈમાં પાંચ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે**

ગાંધીનગર, તા. ૨

ગુજરાતમાંનવા રાજ્યપાલની નિયુક્તિ થાય તો નવાઈ નહીં. કારણ કે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ૨૨ જુલાઈએ પાંચ વર્ષ પૂર્ણ કરશે. તેમજ વડાપ્રધાન અને ગૃહમંત્રીને દિલ્હી જઈને મળ્યા છે. ઁમાં આનંદીબહેન પાંચ વર્ષ પૂર્ણ થયા છે. તેથી ગુજરાતમાંથી એકાદને તક મળે તેવી શક્યતા છે. આચાર્ય દેવવ્રત ૪ વર્ષ હિમાચલ પ્રદેશમાં રાજ્યપાલ હતા.ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સોમવારે દિલ્હીમાં હતા. જ્યાં તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સાથે શુભેચ્છા મુલાકાત યોજી હતી. આગામી ૨૨ જુલાઈએ ગુજરાતના રાજ્યપાલ તરીકે તેઓ પાંચ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. આથી આગામી સમયમાં અહી ગુજરાતમાં નવા રાજ્યપાલની નિયુક્તિ થાય તો નવાઈ નહી. દેશના અનેક રાજ્યોમાં રાજ્યપાલો જુલાઈમાં પાંચ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. જેમાં ઉત્તરપ્રદેશના આનંદીબહેન પટેલનો પણ સમાવેશ થાય છે. તેઓ જાન્યુઆરી-૨૦૧૮થી મધ્યપ્રદેશ તે સાથે બાદમાં છત્તીસગઢના પણ રાજ્યપાલ રહી ચૂક્યા છે.ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સંભવત એકાદ મહિનામાં વિવિધ રાજ્યોમાં રાજ્યપાલોની નિયુક્તિ થાય તો ગુજરાતમાંથી ભાજપના એકાદ નેતાને તક મળી શકે એમ છે. મધ્યપ્રદેશ ખાતે ગુજરાતના મંગુભાઈ પટેલ જુલાઈ-૨૦૨૧થી રાજ્યપાલ છે.આચાર્ય દેવવ્રત ૪ વર્ષ હિમાચલ પ્રદેશમાં રાજ્યપાલ હતા. જુલાઈ-૨૦૧૯થી ગુજરાતમાં છે. સોમવારે દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત શુભેચ્છા મુલાકાત હોવાનું રાજભવન તરફથી પ્રસારિત યાદીમાં કહેવાયુ છે. જો કે, આગામી ત્રણ સપ્તાહમાં તેઓ પાંચ વર્ષ પૂર્ણ કરી રહ્યા હોવાથી ગુજરાતના નવા રાજ્યપાલ તરીકે કોની નિયુક્તિ થાય છે તેને લઈને દિલ્હીથી શરૂ કરીને દેશભરના રાજભવનોમાં અટકળો તેજ થઈ રહી છે.

# રાજકોટના અગ્નિકાંડના આરોપી મનસુખ સાગઠિયાની ઓફિસમાંથી મળ્યો કરોડોનો ખજાનો

રાજકોટ, તા. ૨

રાજકોટ અગ્નિકાંડને લઈને એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. જેમાં સસ્પેન્ડેડ ટાઉન પ્લાનિંગ ઓફિસર (ટીપીઓ) મનસુખ સાગઠિયાની ઓફિસનું સીલ ખોલતા જ તેમાથી કરોડોનો ખજાનો એસીબીને હાથે લાગ્યો હતો.મળતી માહિતી અનુસાર, રાજકોટ અગ્નિકાંડને લઈને એસઆઈટીની તપાસ ચાલી રહી છે. ત્યારે હવે એક નવો જ ઘટસ્ફોટ થયો છે. જેમાં પૂર્વ ટીપીઓ સાગઠિયાની ઓફિસનું સીલ એસીબીની ટીમ દ્વારા તોડી નાખવામાં આવ્યું હતું. આ સીલ ખોલતા જ ઓફિસમાંથી કરોડો રૂપિયાનો દલ્લો મળ્યો હતો. એસીબીને ઓફિસમાંથી પાંચ કરોડ રૂપિયા રોકડા અને ૧૫ કિલો સોનું હાથ લાગ્યું હતું. આગાઉ રાજકોટ અગ્નિકાંડના મુખ્ય આરોપી એમ.ડી. મનસુખ સાગઠિયાની તપાસમાં એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા ચોંકાવનારા ઘટસ્ફોટ કરવામાં આવ્યા હતા. ACB દ્વારા ચાલતી તપાસમાં સાગઠિયા પાસેથી ૧૦.૫૫ કરોડ રૂપિયાની અપ્રમાણસર મિલકત મળી આવી હતી. આ મામલે તેની સામે ગેરકાયદેસર મિલકત મેળવવાનો ગુનો નોંધ્યો છે. આરોપી સાગઠિયા પાસેથી તેની કાયદેસર આવક કરતાં ૪૧૦% વધુ સંપત્તિ મળી આવી છે. સાગઠિયાએ રાજકોટ અને અમદાવાદ જેવા મોટા શહેરોમાં ભારે રોકાણ કર્યું હતું, જેમાં રાજકોટમાં ગેસ એજન્સી, પેટ્રોલ પંપ અને અમદાવાદમાં અદાણી શાંતિગ્રામમાં વિલાનો સમાવેશ થાય છે.

### કચરાના ઢગમાં જોવા મળ્યા EVM મશીન

# આણંદના બોરસદમાં ચૂંટણી તંત્રની ઘોર બેદરકારી

**૨૦૧૮ની ગ્રામપંચાયત પેટા ચૂંટણીમાં કરાયો હતો ઉપયોગ**

બોરસદ, તા. ૨

આણંદના બોરસદમાં ચૂંટણી તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. શહેરના જૂના શાક માર્કેટ પાછળ કચરાના ઢગમાં EVM યુનિટ મળી આવ્યા છે. મળતી માહિતી મુજબ આ EVM વર્ષ ૨૦૧૮ની ગ્રામ પંચાયત પેટા ચૂંટણીમાં ઉપયોગમાં લેવાયા હતા. ત્યારે તેના ઉપયોગ બાદ હવે આ ઈફસ્ના બે બેલેટ યુનિટ કચરામાં પડેલા જોવા મળતા અનેક સવાલો ઉઠી રહ્યા છે. બોરસદ ગામે ચૂંટણી તંત્રને ઘોર બેદરકારી સામે આવી રહી છે. ૨૦૧૮ની ગ્રામપંચાયત પેટા ચૂંટણીમાં ઉપયોગમાં લેવાયેલ ઈફસ મશીન હાલ કચરામાં પડેલા જોવા મળી રહ્યા છે. તમને જણાવી દઈએ કે અમિયાદ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં આ EVMનો ઉપયોગ થયો હતો. ત્યારે હવે ઈફસ્ના બે બેલેટ યુનિટ કચરામાંથી મળતાં સવાલો ઉઠી રહ્યા છે કે આ EVMને અહીં કોણ કચરામાં નાખીને ગયું , તેમજ શું તે EVM નકામાં અને બગડી ગયેલા હતા તેથી ફેંકી દેવામાં આવ્યા જેવા અનેક સવાલ ઉભા થઈ રહ્યા છે.ત્યારે હવે આ સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે તમને જણાવી દઈએ કે બોરસદની જૂની શાક માર્કેટ ખાતેના કચરાના ઢગલામાં આ EVM મશીન પડેલા જોવા મળ્યા હતા. હવે તે EVM ત્યાં કેવી રીતે આવ્યા કે જાણી જોઈને ફેંકી દેવામાં આવ્યા ને લઈને બોરસદ પોલીસે તપાસ હાથ ધરી છે.

### હાથરસની ઘટના પર મુખ્યમંત્રીએ દુઃખ વ્યક્ત કર્યું

# હાથરસની દુર્ઘટના પર પીએમ મોદીએ મૃતકોના પરિવારને ૨-૨ લાખ આપવાની જાહેરાત કરી

**રાજ્ય સરકારની દેખરેખમાં પ્રશાસન રાહત અને બચાવ કાર્યમાં લાગેલી છે કેન્દ્ર સરકારના સિનિયર અધિકારી ઉત્તર પ્રદેશ સાથે સતત સંપર્કમાં છે**

હાથરસ, તા.૨

હાથરસમાં એક સત્સંગ દરમ્યાન ભાગદોડ મચી જવાથી અત્યાર સુધીમાં ૧૦૦ લોકોના મોત થઈ ગયા છે. તેમાં મોટી સંખ્યામાં મહિલાઓ છે. મૃતકોની સંખ્યા સતત વધતી જાય છે. ઘટના બાદ ચારેતરફ ચિસો સાંભળવા મળતી હતી. પોલીસ પ્રશાસન રાહત અને બચાવ કાર્યમાં લાગી ગઈ છે. સૂચના મળ્યા બાદ ઘટનાસ્થળ પર પ્રશાસનિક અધિકારી રવાના થઈ ગયા છે.

હાથરસની ઘટના પર મુખ્યમંત્રીએ દુઃખ વ્યક્ત કર્યું છે અને તપાસના આદેશ આપ્યા છે. તથા મૃતકોને ૨-૩ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦-૫૦ હજારની આર્થિક મદદ કરવાના નિર્દેશ આપ્યા છે. કાર્યક્રમ આયોજકો વિરુદ્ધ ફરિયાદ કરવા અને મોટી કાર્યવાહી કરવાની તૈયારીમાં છે.

પ્રધાનમંત્રી મોદીએ હાથરસમાં થયેલી ઘટનાને લઈને સંવેદના વ્યક્ત કરી છે. પ્રધાનમંત્રીએ લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર થયેલી જવાબ આપતી વખતે કહ્યું કે, ચર્ચાની વચ્ચે મને હાલમાં એક દુખદ સમાચાર મળ્યા છે. ઉત્તર પ્રદેશના હાથરસમાં એક કાર્યક્રમમાં ભાગદોડ મચી જવાથી કેટલાય લોકોના દુખદ મોતની સૂચના આવી રહી છે. હું મૃતકો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરુ છું. તથા તમામ ઘાયલોને જલ્દી ઠીક થાય તેવી કામના કરુ છું.હાથરસ જિલ્લાના સિકંદરારાઉ વિસ્તારમાં આયોજીત એક સત્સંગ કાર્યક્રમમાં મંગળવારે ભાગદોડ મચી ગઈ, પોલીસે આ જાણકારી આપી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, રાજ્ય સરકારની દેખરેખમાં પ્રશાસન રાહત અને બચાવ કાર્યમાં લાગેલી છે. કેન્દ્ર સરકારના સિનિયર અધિકારી ઉત્તર પ્રદેશ સાથે સતત સંપર્કમાં છે. હું આ સદન દ્વારા તમામને વિશ્વાસ અપાવું છું કે, પીડિતોને દરેક સંભવ મદદ આપવામાં આવશે.

### લોકસભામાં આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ

# હિન્દુ સમાજે વિચારવું પડશે કે આ અપમાન સંયોગ છે કે પ્રયોગ : મોદી

**વિપક્ષના નેતાને ૯૦ મિનિટ બોલવાની તક આપવામાં આવી હતી. પરંતુ તમારું વર્તન સંસદીય મર્યાદાને અનુરૂપ નથી અને ન તો તે દેશના લોકતંત્ર માટે યોગ્ય છે**

નવીદિલ્હી, તા.૨

આજે લોકસભામાં આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપી રહ્યા છે. પીએમ મોદીના સંબોધન પહેલા આજે રાષ્ટ્રપતિના સંબોધન પર આભાર પ્રસ્તાવ પર પણ ચર્ચા થશે. લાઈવ અપડેટ્સ માટે પેજ રિફ્રેશ કરતા રહોપલોકસભાની કાર્યવાહી સ્થગિત પીએમ નરેન્દ્ર મોદીના ભાષણ બાદ લોકસભાના સ્પીકર ઓમ બિરલાએ ગૃહની કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરી દીધી હતી. સ્પીકર બિરલાએ કાર્યવાહીના અંતે કહ્યું, ''મં તમામ માનનીય સભ્યોને પૂરતો સમય અને પૂરતી તક આપી. મોડી રાત સુધી તમામ પક્ષોને બોલવાની તક આપવામાં આવી હતી. વિપક્ષના નેતાને ૯૦ મિનિટ બોલવાની તક આપવામાં આવી હતી. પરંતુ તમારું વર્તન સંસદીય મર્યાદાને અનુરૂપ નથી અને ન તો તે દેશના લોકતંત્ર માટે યોગ્ય છે.'' અગ્નિવીર યોજના અંગે પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસ શક્તિશાળી સેના જોઈ શકતી નથી. આપણી સેના યુવા સેના હોવી જોઈએ. યુદ્ધ માટે સક્ષમ બનવા માટે લશ્કરમાં સુધારો કરવામાં આવ્યો હતો. નેહરુના સમયમાં દેશની સેના નબળી હતી. બોફોર્સ સહિતના અનેક કૌભાંડોએ દેશની સેનાને મજબૂત બનતી અટકાવી હતી. કોંગ્રેસના શાસનમાં બુલેટપ્રુફ જેકેટ પણ નહોતા. તેમણે કહ્યું કે યુવાનોને સેનામાં સામેલ થતા રોકવાના પ્રયાસો થઈ રહ્યા છે.

પેપર લીક મુદ્દે પહેલીવાર બોલતા પીએમ મોદીએ કહ્યું કે પેપર લીકને રોકવા માટે ગંભીર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પેપર લીક રોકવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. યુવાનોના ભવિષ્ય સાથે રમતને સાંખી લેવામાં આવશે નહીં. દેશના ઘણા ભાગોમાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી રહી છે. પેપર લીકને રોકવા માટે તંત્રને વધુ મજબૂત બનાવવામાં આવી રહ્યું છે.

તેમણે કહ્યું કે સરકારે પેપર લીકને લઈને પહેલાથી જ કડક કાયદો બનાવ્યો છે. પરીક્ષાને વધુ મજબૂત બનાવવા માટે સતત કડક પગલાં લેવામાં આવી રહ્યા છે.

ઈમરજન્સીને લઈને કોંગ્રેસ પર નિશાન સાધતા પીએમ મોદીએ લોકસભામાં પોતાના ભાષણમાં કહ્યું, ''ઈમરજન્સી દરમિયાન ક્રૂરતાના પંજા ફેલાયા હતા. કટોકટી સરમુખત્યારશાહીનો સમયગાળો હતો. કટોકટી દરમિયાન મીડિયાને દબાવવામાં આવ્યું હતું. પીએમ મોદીએ પોતાના ભાષણમાં કહ્યું કે કોંગ્રેસ રાફેલ પર ખોટું બોલે છે. એમએસપી વિશે ગૃહમાં ખોટું બોલ્યા. બંધારણ અને અનામત પર પણ જુઠ્ઠાણું બોલવામાં આવ્યું હતું. ગઈ કાલે અગ્નિવીર વિશે ખોટું બોલવામાં આવ્યું હતું. કોંગ્રેસ જુઠ્ઠાણાના માર્ગે ચાલી રહી છે. કોંગ્રેસ અરાજકતાના માર્ગે છે. તેમણે કહ્યું કે ગઈકાલે જે પણ થયું, અમે સંસદીય પદ્ધતિઓને સાચવી શકીશું નહીં. આ ક્રિયાઓને હવે બાલિશ ગણવી જોઈએ અને અવગણવી જોઈએ. તેમના ઈરાદા સારા નથી, આ ગંભીર જોખમના સંકેતો છે. ગૃહમાં તેમનું જુઠ્ઠાણું નિર્લજ્જ કૃત્ય જેવું છે.

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં રાહુલ ગાંધીનું નામ લીધા વગર શોલે ફિલ્મના મૌસીનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે કોંગ્રેસે શોલે ફિલ્મને તેના રેટરિકમાં પાછળ છોડી દીધી છે. કોંગ્રેસને ૧૩ રાજ્યોમાં ૦ મળ્યા છે પરંતુ તે હીરો છે. ડૂબી ગયેલા બાપની લૂંટ પણ હજુ હીરો છે. કોંગ્રેસે હારનો રેકોર્ડ બનાવ્યો છે. ૨૦૨૪થી કોંગ્રેસ પરોપજીવી પાર્ટી તરીકે ઓળખાશે. પરોપજીવી જેની સાથે જાય તેને જ ખાશે. કોંગ્રેસ જેની સાથે ગઠબંધન કરે છે તેને ખાય છે.

પીએમ મોદીએ પોતાના ભાષણમાં કહ્યું કે કોંગ્રેસ સત્તા મેળવવામાં વ્યસ્ત છે. કોંગ્રેસ દાવો કરી રહી છે કે તેણે અમને હરાવ્યા છે. કોંગ્રેસે આદેશ સ્વીકાર્યો નથી. કોંગ્રેસ હાર સ્વીકારશે અને હારની રમઝટ કરશે. આજકાલ બાળકોના મનોરંજન માટે કામ કરવામાં આવી રહ્યું છે. કોંગ્રેસના લોકો બાળકનું મન બહેલાવી રહ્યા છે

વિપક્ષના સાંસદો વેલમાં આવીને સૂત્રોચ્ચાર કરી રહ્યા છે. સ્પીકર ઓમ બિરલા વિપક્ષી સાંસદો પર ગુસ્સે થયા. સ્પીકરે વિપક્ષી સાંસદોને ઠપકો આપ્યો અને વિપક્ષના નેતાને ૯૦ મિનિટ બોલવાની તક આપી, કહ્યું. તમે આટલી મોટી પાર્ટી ચલાવો છો, આ સ્વીકાર્ય નથી. પાંચ વર્ષ આમ નહીં ચાલે.

પીએમ મોદીએ કહ્યું કે હવે લોકો કહેતા હતા કે કંઈ પણ થઈ શકે છે. જ્યારે પહેલા લોકો કહેતા હતા કે કંઈ થઈ શકે તેમ નથી. તેમણે વધુમાં કહ્યું કે ૨૦૧૪ પહેલા દેશમાં વારંવાર આતંકવાદી હુમલા થતા હતા. દેશના દરેક ખૂણાને નિશાન બનાવવામાં આવ્યા હતા. અગાઉ આતંકવાદી હુમલા ગમે ત્યાં થતા હતા. આજે ભારતમાં ઘુસીને હત્યા કરે છે. આજે દેશનો દરેક નાગરિક જાણે છે કે દેશ પોતાની સુરક્ષા માટે કંઈ પણ કરી શકે છે.પીએમ મોદીએ કહ્યું કે જો આપણે ૨૦૧૪ના એ દિવસોને યાદ કરીએ તો ખ્યાલ આવશે કે દેશની જનતાનો વિશ્વાસ ઉઠી ગયો હતો. દેશ નિરાશાના દરિયામાં ડૂબી ગયો હતો. ૨૦૧૪ પહેલા, દેશને જે સૌથી મોટું નુકસાન થયું, તેણે જે વિશ્વાસ ગુમાવ્યો, તે આત્મવિશ્વાસ હતો. ૨૦૧૪ પહેલા આ જ શબ્દો સાંભળવા મળતા હતા – આ દેશને કંઈ થઈ શકે તેમ નથી. આ સાત શબ્દો ભારતીયોની નિરાશાનું પ્રતીક બની ગયા હતા. અમે જ્યારે પણ અખબારો ખોલીએ છીએ ત્યારે માત્ર કૌભાંડના સમાચારો જ વાંચીએ છીએ. રોજ નવા કૌભાંડો, કૌભાંડો જ કૌભાંડો. કૌભાંડીઓની સ્પર્ધા, કૌભાંડીઓના કૌભાંડો એ નિર્લજ્જતાથી સ્વીકાર્યું કે જો દિલ્હીમાંથી એક રૂપિયો નીકળે તો ૧૫ પૈસા ત્યાં પહોંચે. ભત્રીજાવાદ એટલો વ્યાપક હતો કે સામાન્ય યુવાનોએ આશા છોડી દીધી હતી કે જો તેમની ભલામણ કરનાર કોઈ નહીં હોય તો જીવન આમ જ ચાલશે.

પીએમ મોદીએ કહ્યું કે આ દેશે લાંબા સમયથી તુષ્ટિકરણની રાજનીતિ જોઈ છે અને શાસનનું તુષ્ટિકરણ મોડલ પણ જોયું છે. પહેલીવાર દેશે તુષ્ટિકરણ નહીં, સંતોષ માટે સંપૂર્ણ બિનસાંપ્રદાયિકતાનો વિચાર અપનાવ્યો છે. જ્યારે આપણે સંતોષ વિશે વાત કરીએ છીએ, તો તેનો અર્થ એ છે કે લાભ છેલ્લા વ્યક્તિ સુધી પહોંચે છે. જ્યારે આપણે સંતૃપ્તિના સિદ્ધાંતની વાત કરીએ છીએ, ત્યારે તે સાચા અર્થમાં સામાજિક ન્યાય અને બિનસાંપ્રદાયિકતા છે. અને દેશની જનતાએ અમને ત્રીજી વખત ચૂંટીને આને મંજૂરી આપી છે. તુષ્ટિકરણે દેશને બરબાદ કર્યો છે. અમે બધાને ન્યાયના સિદ્ધાંતનું પાલન કરીએ છીએ, કોઈને મંજૂરી નથી. સાંસદોના હોબાળા વચ્ચે પીએમ મોદીએ કહ્યું કે જનતાએ અમને ત્રીજી વખત દેશની સેવા કરવાનો જનાદેશ આપ્યો છે. વિપક્ષ દ્વારા જુઠ્ઠાણા ફેલાવવા છતાં તેમને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. દેશે ૧૦ વર્ષનો ટ્રેક રેકોર્ડ જોયો છે. તેમણે વધુમાં કહ્યું કે અમે ગરીબોના કલ્યાણ માટે સમર્પણ સાથે કામ કર્યું છે. ૧૦ વર્ષમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભામાં આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપતા કહ્યું કે જનતાએ અમારી ૧૦ વર્ષની સરકારનો ટ્રેક રેકોર્ડ જોયો છે. અમે જનસેવા અને ભગવાનની સેવાને અમારો મંત્ર બનાવીને કામ કર્યું. ભ્રષ્ટાચાર પ્રત્યે ઝીરો ટોલરન્સની નીતિથી દેશે આપણને આશીર્વાદ આપ્યા છે. આજે વિશ્વમાં ભારતનું ગૌરવ થઈ રહ્યું છે. વિશ્વમાં વિશ્વસનીયતા વધી છે. દરેક ભારતીય ભારતને જોવાનો ગર્વભર્યો પરિપ્રેક્ષ્ય પણ અનુભવી રહ્યો છે. અમારું એકમાત્ર લક્ષ્ય નેશન ફર્સ્ટ છે. ભારત પ્રથમ છે. અમારી દરેક નીતિ, દરેક નિર્ણય, દરેક કાર્યમાં એક જ માપદંડ છે – ભારત પ્રથમ. ઈન્ડિયા ફર્સ્ટની ભાવનામાં જરૂરી સુધારાઓ પણ ચાલુ રાખવામાં આવ્યા છે. છેલ્લા ૧૦ વર્ષમાં અમારી સરકાર સબકા સાથ, સબકા વિકાસના મંત્રને અનુસરીને સૌનું કલ્યાણ કરવાનો પ્રયાસ કરી રહી છે.

પીએમ મોદી રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચાનો જવાબ આપી રહ્યા છે. પીએમ મોદી બોલવા માટે ઉભા થયા કે તરત જ વિપક્ષી સાંસદોએ હંગામો મચાવ્યો. ભારતીય જનતા પાર્ટીના દિલ્હીના સાંસદ મનોજ તિવારીએ પોતાના ભાષણમાં કહ્યું કે દિલ્હીની જનતાએ નરેન્દ્ર મોદીમાં નવો વિશ્વાસ પેદા કર્યો છે. દિલ્હીમાં પહેલીવાર સતત ત્રીજી વખત ભાજપે તમામ સાત બેઠકો જીતી છે. જ્યારે હું પહેલીવાર ગૃહમાં આવ્યો ત્યારે પીએમ મોદીએ તે સીડીઓ પર માથું મૂકીને તેમનું અભિવાદન કર્યું.

### ગુજરાતભરમાં ભારે વરસાદ વરસી રહ્યો છે

# હળવદના બ્રાહ્મણી ડેમના ૫ દરવાજા ખોલાયા, ૧૧ ગામને અપાયું એલર્ટ

**સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં અતિભારે વરસાદ વરસ્યો છે. જેના પગલે બ્રાહ્મણી ડેમના ૫ દરવાજા ખોલાયા છે**

અમદાવાદ, તા.૨

ગુજરાતભરમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. ત્યારે સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં અતિભારે વરસાદ વરસ્યો છે. જેના પગલે બ્રાહ્મણી ડેમના ૫ દરવાજા ખોલાયા છે. ડેમના દરવાજા ખોલતા ૧૧ ગામને એલર્ટ આપવામાં આવ્યુ છે. ગુજરાતમાં ભારે વરસાદ પડતા મોરબીના હળવદ ખાતે આવેલા બ્રાહ્મણી ડેમના ૫ દરવાજા ખોલાયા છે. ડેમના દરવાજા ખુલતા ૧૧ ગામને એલર્ટ કરવામાં આવ્યા છે . ઉપરવાસમાં ભારે વરસાદના કારણે ડેમ પાણીથી છલોછલ ભરાઈ આવ્યો છે. જેના પગલે બ્રાહ્મણી ડેમના ૫ દરવાજા ૦.૩ મીટર ખોલવામાં આવ્યા છે.

ડેમમાં ૪૩૯૭ ક્યુસેક પાણીની આવકની સામે ૪૪૯૭ ક્યુસેક પાણીની જાવક થઈ છે. મોરબીના હળવદ ખાતે આવેલા ગામોમાં સુસવાવ,ટીકર, મિયાણી, મયુરનગર, માનગઢને એલર્ટ આપવામાં આવ્યુ છે. આ ઉપરાંત મોરબીના ખોડ, કેદારીયા, ચાંડધ્રા, અજીતગઢ, રાયસંગપુર ગામને પણ એલર્ટ આપવામાં આવ્યુ છે. બીજી તરફ મચ્છુ ડેમનો એક દરવાજો પણ ખોલવાની ફરજ પડી છે.

### રાજ્ય સરકારે વરસાદના આંકડા કર્યા જાહેર

# ગુજરાતમાં સીઝનનો ૧૭.૮૫ તો સૌરાષ્ટ્રમાં ૨૮.૮૨ ટકા વરસાદ નોંધાયો

**સૌરાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ-વંથલીમાં ૧૪ ઇંચ, વિસાવદરમાં ૧૩ ઇંચ અને જૂનાગઢ શહેરમાં ૧૨ ઇંચ વરસાદ ખાબક્યો**

અમદાવાદ, તા.૨

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૦૨/૦૭/૨૦૨૪ના રોજ સવારે ૬.૦૦ કલાક પુરા થતા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૧૪૩ તાલુકામાં નોંધપાત્ર વરસાદ વરસ્યો છે. જેમાં ૩૨ તાલુકાઓ એવા છે કે જેમાં ૦૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

આ ઉપરાંત બારડોલી તાલુકામાં ૨૩૯ મી.મી., ખંભાળિયામાં ૨૨૯ મી.મી., માણાવદર ૨૨૪ મી.મી. મળી કુલ ત્રણ તાલુકાઓમાં નવ ઈંચથી વધુ, નવસારી તાલુકામાં ૨૧૪ મી.મી., કલ્યાણપુર તાલુકામાં ૨૦૦ મી.મી., જલાલપોર તાલુકામાં ૧૯૬ મી.મી., મળી કુલ ત્રણ તાલુકાઓમાં આઠ ઈંચથી વધુ જ્યારે પલસાણામાં ૧૯૦ મી.મી., મેંદરડામાં ૧૮૩ મી.મી., ધોરાજીમાં ૧૭૮ મી.મી., મહુવામાં ૧૭૬ મી.મી., મળી કુલ ચાર તાલુકાઓમાં સાત ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત ભેંસાણ તાલુકામાં ૧૭૦ મી.મી., માળિયા મીયાણામાં ૧૬૧ મી.મી., મળી કુલ બે તાલુકામાં છ ઈંચથી વધુ, જ્યારે રાજુલામાં ૧૩૯ મી.મી., મોરબીમાં ૧૩૮ મી.મી., તાલાળામાં ૧૩૭ મી.મી., મહુવા ભાવનગર ૧૩૭ મી.મી., ગીર ગઢડામાં ૧૩૪ મી.મી., ઉનામાં ૧૨૨ મી.મી., મળી કુલ છ તાલુકામાં પાંચ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

આ ઉપરાંત કુતિયાણા, બગસરા, માંગરોળ, કોડીનાર, વાલોડ, દ્વારકા, ખાંભા, જામજોધપુર અને વલસાડ મળી કુલ નવ તાલુકાઓમાં ચાર ઈંચથી વધુ, જ્યારે ઓલપાડ સુરત શહેર, ભાણવડ, હાંસોટ, ગણદેવી, કામરેજ, જેતપુર, કાલાવડ, ઉપલેટા, રાણાવાવ, સુત્રાપાડા, માંડવી, કુકાવાવ, અંકલેશ્વર, જામનગર, ખેરગામ, વાપી અને વ્યારાને મળી કુલ ૧૮ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ જ્યારે ટંકારા, જામકંડોરણા, કપરાડા, જોડીયા, ધારી, ભરૂચ, હળવદ, પોરબંદર, ચીખલી, જેશર, જાફરાબાદ, સોનગઢ, ઉમરગામ, લાલપુર, ઉમરપાડા, માંગરોળ, અમરેલી અને ડોલવણ મળી કુલ ૧૮ તાલુકામાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત રાજ્યના ૪૪ તાલુકાઓમાં એક ઈંચથી વધુ અને અન્ય ૩૯ તાલુકામાં અડધો ઈંચ કરતા વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજ્યમાં ચાલુ મોસમનો કુલ સરેરાશ વરસાદ ૧૭.૮૫ ટકા નોંધાયો છે, જેમાં સૌરાષ્ટ્રમાં ઝોનમાં ૨૮.૮૨ ટકા, કચ્છમાં ૨૫.૧૦ ટકા, પૂર્વ મધ્ય ઝોનમાં ૧૦.૯૬ ટકા અને ઉત્તર ગુજરાતમાં ૭.૧૬ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે.

### છેલ્લા ચાર દિવસથી વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે

# અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ સાથે વરસાદી માહોલ જામ્યો

**વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ બપોર થતા વરસાદી માહોલ જામ્યો હતો અને ક્યાંક ઝરમર તો ક્યાંક મધ્યમ વરસાદની શરૂઆત થઈ છે**

અમદાવાદ, તા.૨

હવામાન વિભાગ દ્વારા આજે પણ અમદાવાદ શહેરમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં અવી હતી. અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ બપોર થતા વરસાદી માહોલ જામ્યો હતો અને ક્યાંક ઝરમર તો ક્યાંક મધ્યમ વરસાદની શરૂઆત થઈ છે. અમદાવાદ શહેરમાં પણ છેલ્લાં ચાર દિવસથી વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ વરસી રહ્યો છે.એસજી હાઈવે, વસ્ત્રાપુર, સેટેલાઈટ, એલિસબ્રિજ, પાલડી, આશ્રમરોડ, જમાલપુર, નરોડા, નિકોલ, સરદારનગર, નોબલનગર, કોતરપુર, જોધપુર, બોપલ, ઓઢવ, વિરાટનગર ગોમતીપુર, મણીનગર, દાણીલીમડા, લાલ દરવાજા સહિતના વિસ્તારોમાં ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે.
અમદાવાદમાં છેલ્લા બે દિવસથી અવિરત વરસાદ વરસી રહ્યો છે અને ગઈકાલે સાંજ પછી અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં મેઘરાજાએ બેટિંગ કરી હતી અને ૨ કલાકમાં ચાર ઈંચ વરસાદ ખાબક્યો હતો. ત્યારે આજે પણ હવામાન વિભાગે ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. જેને પગલે અમદાવાદ શહેરમાં વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ બપોર થતા વરસાદી માહોલ જામ્યો હતો અને ક્યાંક ઝરમર તો ક્યાંક મધ્યમ વરસાદની શરૂઆત થઈ છે.
રવિવારે ગોતા, સાયન્સ સિટી અને બોપલ જેવા વિસ્તારોમાં અંદાજે ૭ ઈંચ વરસાદ પડ્યો હતો. તો ગતરોજ સોમવારે પણ શેલા, બોપલ, સાયન્સ સિટી વિસ્તારમાં આવેલી અનેક સોસાયટીઓમાંથી ૨૪ કલાકથી વધુ સમય વિતવા છતાં વરસાદી પાણી ઓસર્યાં ન હતા. રવિવારના વરસાદમાં શહેરમાં ૯૯ સ્થળે પાણી ભરાયાની મ્યુનિ.ને ફરિયાદો મળી હતી. પોશ વિસ્તાર ગણાતા શેલામાં પાણી ભરાવાની સમસ્યાથી સૌથી વધુ લોકો હેરાન હતા.

### સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો

# ભારે વરસાદથી ઘેડ પંથક થયો પાણીમાં ગરકાવ

**કેડસમા ભરાયેલા પૂરના પાણીમાંથી અંતિમ યાત્રા લઈ જવાની ફરજ પડી છે**

જુનાગઢ, તા.૨

જુનાગઢ, વિસાવદર, કેશોદ, માણાવદર સહિતના ગામોમાં ભારે ગત ખાબકેલા ભારે વરસાદને કારણે ઘેડ પંથકમાં પાણી ભરાયા છે. સમગ્ર ઘેડ પંથક પાણીમાં ગરકાવ થયો છે. ગામલોકોની સ્થિતિ એટલી કફોડી બની છે કે કેડસમા ભરાયેલા પૂરના પાણીમાંથી અંતિમ યાત્રા લઈ જવાની ફરજ પડી છે.

જુનાગઢ જિલ્લામાં થયેલા સાર્વત્રિક વરસાદથી સમગ્ર ઘેડ પંથક જળબંબાકાર થયો છે. ઘેડ પંથકની હાલત એટલી હદે કફોડી થઈ છે કે સમગ્ર વિસ્તાર બેટમાં ફેરવાઈ ગયો છે. ચારે તરફ ખેતરો પાણીમાં તરબોળ થયા છે. જ્યા સ્થળ ત્યા જળની સ્થિતિ છે. ઘેડના પીપલાણા ગામમાં કમરસમા પાણી ભરાયેલા છે. ગામનો એકપણ રસ્તો એવો નથી જ્યા પાણી ન ભરાયા હોય. પીપલાણા ગામમાં એક મહિલાનું અવસાન થતા પૂરના પાણી વચ્ચેથી તેની અંતિમ યાત્રા કાઢવાની ફરજ પડી છે. ગામલોકો પૂરના પાણીમાંથી મહિલાની અંતિમ ક્રિયા માટે અર્થી લઈને પસાર થતા જોવા મળ્યા છે. અંતિમ યાત્રા માટે પણ ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી છે.

દર વર્ષે આ વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ જાય છે. દર ચોમાસાએ ઘેડ પંથકમાં આ જ પરિસ્થિતિ સર્જાય છે. આસપાસના વિસ્તારોમાં પડેલા વરસાદનું પાણી પણ ઘેડમાં જ ઉતરી આવે છે અને ગામલોકોને દર ચોમાસાએ ભારે ખાનાખરાબી અને નુકસાન સહન કરવાનો વારો આવે છે. દર વર્ષે ભરાતા પાણીની સમસ્યાથી આ વિસ્તારના લોકો હવે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે અને પૂરના પાણીની સમસ્યામાંથી કાયમી નિજાત આપવાની પ્રશાસન પાસે માગ કરી રહ્યા છે. ગામને જોડતો પૂલ બનાવી એક ફ્લડ પ્રોટેક્શન વોલ બનાવવાની રજૂઆત સંસદ સુધી પહોંચી છે પરંતુ આ વોલની મંજૂરી ક્યારે મળે છે તે જોવુ રહ્યુ

# જાફરાબાદ : વઢેરા પ્રાથમિક શાળામાં બાળ સંસદની સર્વાનુમતે વરણી કરાઈ



જાફરાબાદ, તા.૨

જાફરાબાદની વઢેરા પ્રાથમિક શાળામાં આચાર્ય સી.એમ.વંશના અધ્યક્ષ સ્થાને બાળ સંસદની બેઠક મળી હતી.

જેમાં શાળાનાં વિદ્યાર્થી પ્રતિનિધિ દ્વારા સર્વાનુમતે બાળ સંસદની વરણી કરવામાં આવી હતી. જેમાં જી.એસ. તરીકે ઉત્સવ બારૈયા, ઉપ જી.એસ. સાહિલ મન્સુરી તથા એલ.આર. તરીકે મિતલ ચૌહાણ ઉપ એલ.આર. હર્ષિતા વાઘેલા સર્વાનુમતે ચૂંટાયા હતા. ત્યારબાદ જુદી જુદી સમિતિઓનાં કન્વીનર અને સહ કન્વીરની વરણી કરવામાં આવી હતી.

આ સિમિતિનાં તમામ સભ્યોને સરપંચ લખમણભાઈ સાંખટ તથા એસ.એમ.સી. અધ્યક્ષ હમીરભાઈ કોટડીયા દ્વારા ઉજજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### ગુજરાતમાં રાજકીય માહોલ ગરમાયો

# ભાજપ-કોંગ્રેસના કાર્યકર્તાઓએ સામસામે પથ્થરમારો કર્યો

**કોંગ્રેસ કાર્યાલય ખાતે ભાજપના કાર્યકર્તાઓ દ્વારા કરાયેલો વિરોધ હિંસક બન્યો છે. કાચની બોટલો ફેંકાઈ, ટીંગાટોળી-ઝપાઝપી થઈ**

અમદાવાદ, તા.૨

સંસદમાં રાહુલ ગાંધીના હિંસક હિન્દુઓના નિવેદન બાદ ગુજરાતમાં રાજકીય માહોલ ગરમાયો છે. ત્યારે આજે અમદાવાદમાં કોંગ્રેસ અને ભાજપના કાર્યકર્તાઓએ સામસામે પથ્થરમારો કર્યાની મોટી ઘટના બની છે. અમદાવાદમાં જીપીસીસી ખાતે ભાજપ અને કોંગ્રેસ સામે જોરદાર ઘર્ષણ થતા સામ સામે પથ્થરમારો કરાયો. કોંગ્રેસ કાર્યાલય ખાતે ભાજપના કાર્યકર્તાઓ દ્વારા કરાયેલો વિરોધ હિંસક બન્યો છે. કાચની બોટલો ફેંકાઈ, ટીંગાટોળી-ઝપાઝપી થઈ, જયશ્રી રામના નારા લાગ્યા. એક તરફ સંસદમાં પ્રધાનમંત્રીનું સંબોધન ચાલી રહ્યું હતું, ત્યારે બીજી તરફ ગુજરાતમાં ધમાસાણ મચ્યું હતું. અમદાવાદ કોંગ્રેસના કાર્યાલયની બહાર ભાજપના કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં પહોંચીને વિરોધ દર્શાવ્યો હતો. ત્યારે અચાનક સ્થિતિ વણસી હતી, અને ભાજપ અને કોંગ્રેસના કાર્યકર્તાઓએ સામસામે પથ્થરમારો કર્યો હતો. પોલીસની હાજરીમાં જ મામલો બિચક્યો હતો અને બન્ને પાર્ટીના કાર્યકરોની વચ્ચે પથ્થમારો થયો હતો. એસીપી કક્ષાના પોલીસ કર્મચારીઓ આ પથ્થરમારામાં ઘાયલ થયા છે. પોલીસની હાજરી હોવા છતાં સ્થિતિ વણસી હતી, અને ભાજપ અને કોંગ્રેસના કાર્યકર્તાઓએ સામસામે પથ્થરમારો કર્યો હતો. એટલુ જ નહિ સામસામે કાચની બોટલો પણ ફેંકાઈ હતી. કાર્યકર્તાઓ પોલીસ સાથે પણ ઘર્ષણમાં ઉતર્યા હતા. ત્યારે આ વચ્ચે ટીંગાટોળી-ઝપાઝપીના દ્રશ્યો પણ સર્જાયા હતા. સંસદના લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીની હિન્દુ પર ટીપ્પણીને લઈને અમદાવાદમાં વિરોધ જોવા મળ્યો છે. ગઈકાલે બજરંગ દળે અમદાવાદમાં કોંગ્રેસ કાર્યાલય ઉપર મોડી રાત્રે ધામા નાંખ્યા હતા. હિન્દુઓને હિંસક કહેવા ઉપર બજરંગ દળના કાર્યકર્તાઓમાં નારાજગી જોવા મળી. રાહુલ ગાંધીના પોસ્ટર્સ ઉપર કાળી ઈંક લગાવી આક્રોશ વ્યક્ત કર્યો હતો. પ્રચાર પ્રસારના બેનર્સ ઉપર કોંગ્રેસ નેતાઓના લખાયેલા નામો ઉપર બ્લેક સ્પ્રે છાંટી વિરોધ નોંધાવ્યો હતો. એટલું જ નહિ, આજે વહેલી સવારે કોંગ્રેસના કાર્યાલય પર પથ્થર પણ ફેંકવામા આવ્યા હતા.

### આલ્કોહોલ યુક્ત પીણાંનો ગેરકાયદે ધંધો

# દેવભૂમિ દ્વારકામાં આર્યુવેદિક સિરપના નામે આલ્કોહોલનો વેપલો ઝડપાયો

**દેવભૂમિ દ્વારકામાં કબ્જે કરાયેલી ૯૦ બોટલમાં આલ્કોહોલ હોવાનું ખુલ્યું**

દેવભૂમિ દ્વારકા, તા. ૨

ગાંધીના ગુજરાતમાં દારુબંધીનો થોડા સમયથી કડક અમલ શરુ કરવામાં આવતા બંધાણીની પ્યાસ બુઝાવવા કેટલાક લેભાગુઓ દ્વારા આર્યુવેદિક સિરપના નામે આલ્કોહલનો વેપલો શરુ કરી યુવાધનને બરબાદ કરી રહ્યા છે. દેશી દવાના નામે લાયસન્સ મેળવી પીવા યોગ્ય નથી તેવા મિથાઈલ આલ્કોહલથી સિરપનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. ત્યારે આવામાં દેવભૂમિ દ્વારકામાં કબ્જે કરાયેલી ૯૦ બોટલમાં આલ્કોહોલ હોવાનું ખુલ્યું દેશભરના લોકો માટે પવિત્ર યાત્રાધામ દેવભૂમિ દ્વારકામાં જ આયુર્વેદિક દવાની આડમાં આલ્કોહોલ યુક્ત પીણાંનો ગેરકાયદે ધંધો ચાલી રહ્યો હતો.

જામખંભાળિયા પોલીસે તપાસ કરતા કેટલાક શકસો સેલ્ફ જનરેટેડ આલ્કોહોલ યુક્ત આયુર્વેદિક દવાની આડમાં આલ્કોહોલ યુક્ત પીણાંનો વેપાર કરી સમાજ ના લોકો ના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા હોવાનું બહાર આવ્યું હતું.

જેને આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી જામખંભાળિયા ના પ્રકાશ કે આચાર્યના મકાન પર દરોડો પાડયો હતો.અહીથી પોલીસે સુંનિદ્રા amb Pharma તથા અસ્વસ્વ શ્રી આયુર્વેદિક હેલ્થ કેર વડોદરા ગુજરાતની મળી ને ૧૩,૪૦ રૂ ની કિંમત ની ૯૦ બોટલો કબ્જે કરી હતી.પોલીસે આ કેસ માં પ્રકાશ આચાર્ય સહિત ૮ આરોપી ની ધરપકડ કરી હતી.આ અંગે પોલીસ વધુ તપાસ કરી રહી છે.ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં દારૂબંધી હોવાથી સરળતાથી આલ્કોહોલનું વેચાણ કરવા માટે બુટલેગરો દ્વારા નવા કીમિયા બનાવી હવે આયુર્વેદિક સીરપના નામે દારૂનું બેફામ વેચાણ કરવામાં આવી રહ્યું છે. જેથી હવે પોલીસે પકડી ઉપાડવા દિન રાત એક કરી દીધા હોય તેમ અનેક સ્થળોએ દરોડા પાડી કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ઉલેખનીય છે કે,ગુજરાતમાં દવાની આડમાં નશાનો કારોબાર વધી રહ્યો છે. ગુજરાતમાં નશાકારક સિરપનો ખતરનાક વેપલો ચાલી રહ્યો છે. આ ખતરનાક સિરપ જીવલેણ સાબિત થઈ શકે છે. ગુજરાતમાં સૌરાષ્ટ્રમાં નશાકારક સિરપનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે. સૌરાષ્ટ્રમાં આયુર્વેદિક સિરપના નામે નશાનો કારોબાર ચાલી રહ્યો છે. પરંતુ આ સિરપ પીનારા લોકોને ખબર નથી કે, સિરપનો ઓવરડોઝ મોત આપી શકે છે.

# લોકસભામાં આપેલા ભાષણના શબ્દ હટાવ્યા તો રાહુલ આકરા પાણીએ

**જોકે તેમની સ્પીચમાંથી માત્ર એક જ શબ્દ હટાવવામાં આવ્યો. તેને લઈને કરવામાં આવેલો ભેદભાવ સમજની પાર છે**

નવી દિલ્હી, તા.૨

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ લોકસભામાં પોતાના ભાષણના કેટલાક ભાગને કાર્યવાહીમાંથી હટાવવાની વિરુદ્ધ સ્પીકર ઓમ બિરલાને પત્ર લખ્યો છે. તેમણે કહ્યું કે મારા વિચારોને કાર્યવાહીમાંથી હટાવવા તે લોકશાહીની ભાવનાની વિરુદ્ધ છે. એવામાં મારા ભાષણના હટાવવામાં આવેલા ભાગને ફરીથી મુકવામાં આવે. કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું- બીજેપીના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરના ભાષણમાં પણ આરોપોની ભરમાર હતી. જોકે તેમની સ્પીચમાંથી માત્ર એક જ શબ્દ હટાવવામાં આવ્યો. તેને લઈને કરવામાં આવેલો ભેદભાવ સમજની પાર છે. રાહુલ ગાંધીએ કહ્યું કે મેં સંસદમાં સત્ય રજૂ કર્યું છે. દરેક સાંસદનો અધિકાર છે કે તે સંસદમાં લોકો સાથે જોડાયેલા મુદ્દા ઉઠાવે. આને ધ્યાનમાં રાખીને મેં પોતાનું ભાષણ આપ્યું હતું. તેમણે આજે સવારે પણ કહ્યું કે પીએમ નરેન્દ્ર મોદીની દુનિયામાં સત્યને મટાડી શકાય છે. વાસ્તવિક રીતે નહીં. બીજેપીએ રાહુલ ગાંધીના પત્ર લખવા પર હુમલો કર્યો છે. રાષ્ટ્રપતિના અભિભાષણ પર ચર્ચા દરમિયાન લોકસભામાં આપવામાં આવેલા રાહુલ ગાંધીના ભાષણના કેટલાક અંશ સોમવારે હટાવવામાં આવ્યા છે.

# સાવરકુંડલાનાં ધારાસભ્ય કસવાલાએ ૫૩માં જન્મદિને ૫૩ વૃક્ષોનું વાવેતર કર્યુ





જન્મદિવસના અવસરને પર્યાવરણ લક્ષી બનાવીને સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાળાએ નવતર રાહ ચિંધવાનું ભગીરર્થ કાર્યૃ છે. જેમાં ધારાસભ્ય મહેશ કસવાળા પર વર્ષ પૂર્ણ કરી ૫૩મા વર્ષમાં મંગળ પ્રવેશ કરતા કોઈ જન્મદિવસની જાકમજોળ નહિ વૃક્ષારોપણ અને આંગણવાડીના ભૂલકાઓને બિસ્કીટ ચોકલેટનનો નાસ્તો અને કેક ખવડાવીને જન્મદિવસની સાદગી ભરી ઉજવણી કરવામાં આવી હતી. તેમજ ધારાસભ્ય મહેશ કસવાળાએ ૫૩મા પ્રવેશતા સાવરકુંડલા શહેરમાં નવા આકરા પામતા સ્પોર્ટસ સંકુલ ખાતે મહિલા મોરચાની બહેનો સંગાથે ૫૩ વૃક્ષોનુ વાવેતર કરીને વૃક્ષારોપણ કર્યૃ અને વૃક્ષાના જતન કરવાની પ્રતિજ્ઞા લેવડાવીને આજના પર્યાવરણ માટે વૃક્ષો અતિ મહત્વના હોય અને વૃક્ષાની વધુ કાળજી લેવાનો આગ્રહ ધારાસભ્ય કસવાળાએ રાખ્યો હતો. જયારે સાવરકુંડલા શહેરની ૭૧ આંગણવાડી ખાતે ભારત દેશના ભાવિ ભૂલકાઓને બિસ્કીટ ચોકલેટ સાથે કેક પીરસીને જન્મદિવસની ઉજવણી કરવાનુ સૌભાગ્ય કસવાળાએ પ્રાપ્ત કર્યુ હતુ. જયારે અતિ પછાત વિસ્તાર ગણાતા હાથસણી રોડ પર શિક્ષણ માટે સતત કાર્યશીલ રહેતા ઉદારતા ટ્રસ્ટને પ્રોત્સાહિ ત કરવા વિદ્યાર્થી બાળકોને શૈક્ષણિક કીટ અર્પણ કરીને બાળકોને નાસ્તો કરાવ્યો હતો. જયારે મોટા ઝીંઝુડા પ્રાથમિક શાળા ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ સાથે નાસ્તો કરાવીને બાળકોને ખુશ ધારાસભ્ય મહેશ કસવાળાએ કરાવ્યા હતા. જયારે જન્મદિવસની શુભેચ્છાઓ આપવા સાવરકુંડલા શહેરના વેપારી મહા મંડળ સાથે સહકારી અને શૈક્ષણિક અગ્રણીઓ, પ્રબુધ્ધ નાગરિકો અને ભાજપના કાર્યકરો સત્વ અટલધારા કાર્યાલય ખાતે શુભકામનાઓ પાઠવેલ હતી. ત્યારે કાર્યકરો સાથે ધારાસભ્ય મહેશ કસવાળાએ ખાદી કાર્યલય ખોત જઈને ખાદીની ખરીદી કરીને કાર્યકર્તાઓને પણ ખાદી પ્રત્યેની લાગણીઓ અંગેની સમજણ આપીને ખાદીનુ મહત્વ સમજાવતા કાર્યકરોએ પણ ખાદીની ખરીદી કરી હતી. તેમ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યુ છે.

પાના ૮ ઉપરનું ચાલું **ગરીબોનાં પરસેવાનાં નાણા**

ટેલિવિઝન પર અચાનક પ્રગટ થઈને કહેલ કે નોટબંધી એટલા માટે કરવામાં આવે છે કે દેશમાંથી કાળુધન, આતંકવાદ, નકસલવાદને નેસ્તનાબુદ કરવા છે. પરંતુ છેલ્લા ૮ વર્ષમાં કાળાધન કે આતંકવાદમાં કોઈ ફર્ક પડયો નથી ઉલ્ટાનું કાળુધન વધી ગયું છે. કાળુ ધન બંધ કરવા માટે નોટબંધીની નહી બલ્કે નિષ્ઠાપૂર્વક કામગીરી કરવાની જરૂર છે.

રાજકોટમાં થયેલ અગ્નિકાંડની તપાસ દરમિયાન ટાઉન પ્લાનર સુધી રેલો પહોંચતા કરોડો રૂપિયાનું કાળુ ધન ઝડપાયું નહી તો ત્યાં સુધી આવકવેરા સહિતનાં વિભાગો સુતા હતા તે સાબિત થયું.

રાજકોટનાં ભ્રષ્ટ અધિકારી પાસેથી કરોડો રૂપિયાનું કાળુધન ઝડપાયું તો તેની ઊંડી તપાસ જરૂરી છે. તેઓને નાણા કોણે અને શું કામ આપ્યા અને કેવા પ્રકારનાં ગેરકાયદેસર બાંધકામોને ટાઉન પ્લાનરે મંજૂરી આપી છે તેની પણ તપાસ થાય તો અનેક બિલ્ડરો અને પદાધિકારીઓ પણ ઝડપાઈ શકે તેમ છે.

આ અંગે રાજયનાં મુખ્યમંત્રીએ તપાસનીશ અધિકારીઓને ઝડપાયેલ કાળુધન કેવી રીતે સંગ્રહ થયું તેની તટસ્થ તપાસ કરવાનાં આદેશ આપવા જરૂરી બન્યા છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, દેશનાં કરોડો ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો નિર્દોષ હોવા છતાં પણ ભ્રષ્ટાચારીઓનાં લીધે તેઓને મોંઘવારી અને બેરોજગારીનો સામનો કરવો પડી રહ્યો છે. કારણ કે જેની પાસે કાળુધન છે તે સોના, જમીન, દુકાનો અને મકાનોમાં રોકાણ કરતાં હોવાથી ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને સસ્તામાં મકાન, દુકાન કે જમીન મળતા નથી અને તેઓને લોન, ઉધાર–ઉછીના કરીને મકાન, જમીન લઈને જીવન પસાર કરવું પડી રહ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું **રાજુલાનાં ચૌત્રા ગામનાં**

વરૂ છ મહિના પહેલા મરણ ગયેલ હોય અને તે પહેલા ખેડુત યુવકની સાથે જ રહી ભાર રિક્ષા ચલાવતા હોય. તેમને તેજ ગામે રહેતા આરોપી પ્રતાપભાઈ બોરીચા, જયરાજભાઈ ભુરાભાઈની સાથે રિક્ષા ચલાવવા બાબતે માથાકુટ થતી હોય. તે બાબતનું મનદુઃખ રાખી તા.૧ ના આશરે સવા અગિયારેકથી સાડા અગિયારેક વાગ્યે આરોપી પ્રતાપભાઈ બોરીચા, જયરાજભાઈ ભુરાભાઈ સહિત ૪ આરોપી ભાર રિક્ષા લઈ આવી હાથમાં કુવાડા વડે ખેડૂત યુવકના ડાબા પગના નળાના ભાગે જમણા ખંભાના ભાગે મુંઢ ઈજા કરી તથા ખેડૂતના મોટા ભાઈને ડાબા પગ ઉપર લાકડાના ધોકાથી ચાર–પાંચ ઘા મારી મુંઢ ઈજા કરી ખેડૂતના ભાણેજ ઉમેશભાઈને આરોપીએ ડોકના ડાબા પડખે લોખંડના પાઈપથી એક ઘા મારી ઈજા કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાયેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **બગસરામાં ૫ વર્ષ પહેલા બનેલ**

કરીએ તો જયારે જોવો ત્યાં ગંદકીનાં ગંજ ચારે તરફ લોકો દ્વારા આડેધડ થુંકવાથી જયાં જોવો ત્યાં પાન માવાનાં નિશાનોથી ગંદકી યુરીનલમાં સફાઈનાં અભાવે માથું ફાડી નાખી તેવી દુર્ગંધ અને વધારામાં જયારથી ડેપો બન્યો ત્યારથી લઈને આજ સુધીમાં જેવો વરસાદની શરૂવાત થાય કે તરત જ ચોતરફ ટપકતા પાણીથી ડેપોમાં બેસવુ મુશ્કેલ બની રહ્યું છે. આ પાણી ટપકવાથી નીચેની લાદીમાં ભરતા પાણીનાં હિસાબે લોકો લપસી પડતાં પણ જોવા મળી રહ્યાં છે. જયારે બગસરા શહેરનો જૂનો ડેપો હતો. એ ઘણા વર્ષો સુધી સહીસલામત આવસ્થામાં હોવા છતાં તંત્ર દ્વારા જૂના ડેપોનું બિલ્ડિંગ ધરાશયી કરી નવો ડેપો બનાવવામાં આવ્યો હતો. જયારે આ ડેપો બનાવવા પાછળનો ખર્ચ આશરે ૪ કરોડ જેટલો થયો હતો પરંતુ સરકારનાં આ રૂપિયા ઉપર પાણી ફેરવી ફક્ત પાંચ વર્ષમાં જ ચારે બાજુથી પાણી ટપકવાની ફરિયાદો સામે આવી છે. જયારે અહીંયા આવતા લોકોને આ ડેપો માં બેસવુ પણ ઘણું મુશ્કેલ બન્યું છે. ચારે બાજુ પાણી પડવાથી અનેક વખત લોકો લપસી પડ્યાના બનાવો પણ છાશવારે જોવા મળતા હોય છે. જયારે હાલમાં બગસરામાં ફક્ત બે ઈંચ જેટલો જ વરસાદ પડેલ છે અને હજુ તો વરસાદની શરૂવાત થઈ છે ત્યારે આ ડેપોમાં ચોતરફ પાણી ટપકવાની શરૂઆત થઈ ગઈ છે. તો હજુ તો આખું ચોમાસું બાકી છે. આવા સંજોગોમાં આ ડેપોની હાલત કેવી હશે તેની કલ્પના માત્રથી ત્રાસ છૂટી જાય છે. જયારે આ ડેપો બનાવતા કોન્ટ્રાક્ટર દ્વારા લોલમ લોલ કામગીરી કરવામાં આવી છે કે પછી દેખરેખનો અભાવ જોવા મળી રહ્યો છે. આવા અનેક પ્રકારનાં સવાલો લોકો દ્વારા ઊઠી રહ્યાં છે. તો શું તંત્ર દ્વારા આ ડેપોમાં કોય પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે કે પછી આમ જ પાણી પડવાની સમસ્યા લોકોને સતાવતી રહશે અને આમ જ સરકારનાં રૂપિયાનો ધુમાડો થતો રહશે. આવા અનેક પ્રકારની ચર્ચાઓ એ જોર પકડયું છે.

## સમગ્ર દેશમાં કુદરતી રીતે ખેતી કરતા ખેડૂતોને વિશેષ મહત્વ આપવામાં આવે તે ખૂબ જરૂરી : રાજેશ ભાતેલીયા

રાજકોટ, તા. ૨

નેશનલ પ્રોજેકટના પ્રમુખ રાજેશ ભાતેલીયા એ કુદરતી ખેતી અને મહત્વની બાબતો અંગે કેટલાક વિચારો વ્યકત કર્યા છે.

સમગ્ર દેશમાં કુદરતી રીતે દેશી બિયારણ વડે ખેતી કરતા ખેડૂતોને તમામ રાજય સરકારોને કેન્દ્ર સરકાર વિશેષ પ્રોત્સાહન આપે તે માટે વિનંતી કૃષિનું વ્યાપારીકરણ કરવામાં ન આવે તે માટે વિનંતી છે. તેઓને અત્યંત નજીવા દરે દેશી બિયારણ, કુદરતી ખાતર કુદરતી જંતુનાશકો, ગોબરગેસ પ્લાન્ટ, સોલાર સિસ્ટમ અને પવન ચકકી આપવામાં આવે, જેઓ ઓર્ગેનિક ખેતી દેશી બિયારણ વડે કરતા હોય અને ગામડામાં રહેતા હોય અન્ય કોઈ બિઝનેસ ન હોય તેને રેલવે અને એસ ટીમાં ૨૫ ટકા કન્સેશન આપવામાં આવે સમગ્ર દેશમાં ઘરે–ઘરે દેશી બિયારણ વડે કુદરતી રીતે શાકભાજી ઉગતાં થાય તેવા પ્રયત્નો નિષ્ઠાપૂર્વક સતત કરવામાં આવે, જે યુવાનો મોટા શહેરોમાંથી ગ્રામ્યમાં આવી અને ખેતી શરૂ કરે અગાઉ ખેતી કામ કર્યુ ન હોય ખેતીના અનુભવન ન હોવા છતાં દેશી બિયારણ વડે ઓર્ગેનિક ખેતી પ્રત્યે આકર્ષાઈ તેવા યુવાનોને પ્રોત્સાહન આપવા સરકાર ખાસ પેકેજ તૈયાર કરી આપે અને અમલીકરણ કરે તે માટે વિનંતી. સાથે સાથે.. તમામ ખેડૂતો તેના ખેતરમાં અને તેની વાડીમાં આવેલા કુવામાં પોતાના ખેતરનું અને પોતાની વાડીનું વરસાદી પાણી જતું રહે તે પ્રકારે વ્યવસ્થા ગોઠવે જેથી કરીને બારે મહિના ખેતી કરી શકે, સમગ્ર દેશમાં સમગ્ર વિશ્વમાં મહતમ પ્રમાણમાં દર વર્ષે વરસાદી પાણી જમીનમાં ઉતરે અને વરસાદી પાણીનો મહતમ પ્રમાણમાં સંગ્રહ થાય તે માટે નમ્ર વિનંતી છે, તમામ મોટા નવા બનતા બિલ્ડીંગોમાં વરસાદીનો સંગ્રહ કરવા માટે ટાંકી બનાવવામાં આવે મોટી ફેકટરીમાં પણ વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે ટાંકીબનાવવા આવે સમગ્ર દેશની તમામ મહા નગરપાલિકા, નગરપાલિકા, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત પણ વરસાદી પાણીનો મહતમ પ્રમાણમાં સંગ્રહ કરવા અને વરસાદી પાણીને મહતમ પમાણમાં જમીનમાં ઉતારવા આગળ આવે તેમજ સમગ્ર વિશ્વ કુદરતી ખેતીને નિરંતર વિશેષ મહત્વ હંમેશા આપે, વિવિધ પ્રકારના રસાયણોનો અને પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરીએ કુદરતી વસ્તુને મહત્વ આપીએ, શહેરી વિસ્તાર માંથી ગામડામાં દીકરી પરણાવનાર માતા–પિતા અને એ દીકરીનું સન્માન રાજય અને કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે અને દીકરીને ૧૦ લાખ અને માતા–પિતાને પાંચ લાખની એફડી કરી તેને આપવામાં આવે તે માટે પણ સૂચન કરવામાં આવેલ છે તેમ રાજેશભાઈ જે ભાતેલિયા એ અંતમાં જણાવ્યું છે.

પાના ૮ ઉપરનું ચાલું **ધારીનાં ફાચરીયા ગામનાં**

હેમેન્દ્રભાઈ જીલુભાઈ કોટીલા તથા ધારી ગામે રહેતા રાજુભાઈવાળાએ ખેડૂતને વગર લાયસન્સે ગેરકાયદેસર રીતે ઉંચા વ્યાજે નાણા ધીરી (આપી) અને બન્ને આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારૂ તે નાણાની ખેડૂત પાસે પઠાણી ઉઘરાણી કરી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

પાના ૧ ઉપરનું ચાલું **રાજુલા, જાફરાબાદ પંથકમાં**

ગેરેજની કાર ઉપર વૃક્ષ ધરાશાયી થતા કારને નુકસાન થયું હતું. પીજીવીસીએલના વીજ વાયરો તૂટતા વિસ્તારમાં વીજળી ગુલ થઈ હતી. પીજીવીસીએલ ટીમ દ્વારા વીજ કામગીરી શરૂ કરવામાં આવી હતી અને તંત્ર દ્વારા વૃક્ષ હટાવવા માટેની કામગીરી શરૂ કરાઈ હતી. કોઈ દુર્ઘટના બની નથી જેના કારણે કોઈ વ્યકિતને ઈજાઓ થઈ નથી.

જાફરાબાદ તાલુકાના ટીંબી ગામમાં મન્સૂરી કાઠીયાવાડી જમાતનો જુના મકાનનો સ્લેબ તૂટતા અફડા તફડી સર્જાય હતી. વહેલી સવારે પવન સાથે વરસાદ પડતાં સ્લેબ તૂટયો હતો અને આસપાસ રહેલ દુકાનોમાં પણ નુકસાન ગયું છે. પરંતુ આ ઘટનામાં કોઈને ઈજા નહિ થતા લોકોએ રાહત અનુભવી અને મોટી દુર્ઘટના ટળી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક અગ્રણીઓ દોડી આવ્યા હતા.

ભારે પ્રથમ વરસાદમાં રાજુલાના હિંડોરણા બ્રિજ ઉપર ધોવાણ થતા લોખંડના સળિયા દેખાય ગયા હતા અને ગાબડું પડતા નબળી ગુણવત્તાનું કામ બહાર આવતા ઓથીરિટીની પોલ ખુલતા વાહનચાલકો ઉપર અહી જોખમ વધ્યું છે. હાઈવે ઉપર ખાડો પડવાના કારણે અહીં અકસ્માતની ભીતિ વધી છે. અહીં હાઈવે ઉપર વરસાદના કારણે અનેક જગ્યાએ ધોવાણ થયાનું સામે આવી રહ્યું છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૦૫ | ૧૫૬૫ |
| ૨ | મગફળી | ૧૦૮૫ | ૧૧૧૫ |
| ૩ | જીરૂ | ૪૬૬૦ | ૫૩૯૦ |
| ૪ | ઘઉ | ૪૮૪ | ૫૨૬ |
| ૫ | તલ સફેદ | ૨૩૦૫ | ૨૩૫૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૮૪ | ૧૧૬૨ |
| ૨ | શિંગ મોટી | ૯૯૦ | ૧૨૦૧ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૫ | ૧૬૭૫ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૪૫૦ | ૧૫૦૦ |
| ૫ | તલ સફેદ | ૨૨૨૨ | ૨૫૨૨ |
| ૬ | તલ કાળા | ૨૪૯૦ | ૩૧૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૧૮૯ | ૩૨૨૨ |
| ૮ | જુવાર | ૭૮૦ | ૮૫૬ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૮૦ | ૫૮૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૮૯ | ૫૭૩ |
| ૧૧ | ચણા | ૧૦૫૫ | ૧૨૭૬ |
| ૧૨ | તુવેર | ૧૮૩૦ | ૧૯૫૬ |
| ૧૩ | કપાસ | ૭૯૦ | ૧૫૧૭ |
| ૧૪ | એરંડા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૫ | જીરૂ | ૪૬૫૦ | ૫૪૦૦ |
| ૧૬ | ધાણા | ૯૦૦ | ૧૨૭૫ |
| ૧૭ | સોયાબીન | ૬૨૦ | ૮૫૧ |
| ૧૮ | રજકાનું બી | ૩૯૬૦ | ૪૭૬૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૧૮૬ |
| ૨ | શીંગ દાણા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૭૦ |
| ૪ | જીરૂ | ૪૮૦૦ | ૫૫૨૨ |
| ૫ | કપાસ | ૧૨૩૦ | ૧૪૭૨ |
| ૬ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૨૮ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૫૮ |
| ૮ | બાજરો | ૪૩૦ | ૪૭૦ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૭૦૦ |
| ૧૦ | મગ | ૧૫૫૦ | ૧૬૦૬ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૨૫૧ |
| ૧૨ | તુવેર | ૨૨૦૦ | – |
| ૧૩ | એરંડી | ૧૦૦૦ | ૧૧૦૧ |
| ૧૪ | મેથી | ૧૦૦૧ | – |
| ૧૫ | રાય/રાયડો | ૯૮૧ | – |
| ૧૬ | સોયાબીન | ૮૩૨ | – |
| ૧૭ | ગમ ગુવાર | ૯૧૩ | – |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૨૦ |
| ૨ | ચણા | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ૩ | મગ | ૧૨૬૦ | ૧૨૬૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૮૩ | ૫૫૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૩ | ૫૨૦ |
| ૬ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૩૨૦ |
| ૭ | સોયાબીન | ૬૯૦ | ૬૬૦ |
| ૮ | જુવાર | ૬૬૦ | ૬૬૦ |
| ૯ | બાજરો | ૩૯૧ | ૩૯૧ |
| ૧૦ | મયફળી | ૯૬૦ | ૧૦૭૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૬૩૫ |
| ૧૨ | શીંગફાડા | ૧૪૧૫ | ૧૪૧૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૦ | ૧૧૦૦ |
| ૨ | ચણા | ૧૦૮૫ | ૧૨૪૦ |
| ૩ | જુવાર સફેદ | ૮૬૧ | ૮૬૧ |
| ૪ | ઘઉં | ૪૫૦ | ૪૫૦ |
| ૫ | બાજરો | ૪૨૦ | ૪૨૦ |
| ૬ | ધાણા | ૮૦૦ | ૮૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૨ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૫૨૧ |
| ૩ | કપાસ | ૯૦૧ | ૧૪૫૧ |
| ૪ | બાજરો | ૪૪૦ | ૫૦૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૧૯ | ૫૬૯ |
| ૬ | જુવાર | ૫૦૦ | ૮૯૩ |
| ૭ | તુવેર | ૧૮૭૫ | ૧૮૭૫ |
| ૮ | ચણા | ૧૦૩૦ | ૧૨૩૦ |
| ૯ | શીંગદાણા | ૧૬૫૦ | ૧૯૦૨ |
| ૧૦ | અજમા | ૨૧૦૦ | ૨૧૦૦ |

# ચલાલા ખાતે જીલ્લા ગાયત્રી પરિવાર સંગઠન તથા ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાની મીટીંગ યોજાઇ



અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિ કુંજ હરિદ્વાર પ્રેરિત અમરેલી જીલ્લા ગાયત્રી પરિવારની ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા ૨૦૨૪ ના આયોજન માટેની મીટીંગ ગાયત્રી સંસ્કાર ધામ ચલાલા ખાતે યોજાય હતી. જેમાં સર્વ પ્રથમ સંસ્થાના વડા ડો.રતિદાદા જીલ્લા પ્રમુખ અતુલભાઈ પંડયા, ટી.ડી.ઓ. ભટ્ટ સાહેબ, બીપીનભાઈ ભરાડના વરદ હસ્તે દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષા – ૨૦૨૪ ના આયોજન માટે તાલુકા વાઈજ કન્વીનર અને ટીમ ને સ્કુલ પરિપત્રો વિતરણ કરી વધુ સંખ્યા માટે પ્રયત્નનો સંકલ્પ લેવડાવ્યો હતો. તેમજ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં દેશ લેવલે નંબર આવેલ વિદ્યાર્થીનીનું સન્માન કર્યુ હતું. ત્યાર બાદ ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાના જીલ્લા સંયોજક ભારત ભૂષણ મહેશભાઈ મહેતા દ્વારા સુંદર આયોજન માટેના માઈક્રો પ્લાનીંગ સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ મીટીંગને સફળ બનાવવા અમરેલી જીલ્લાના તાલુકાઓમાંથી અનેક પરિજનો આવ્યા હતા. તથા મીટીંગ તેમજ ભોજનની સર્વ વ્યવસ્થા શીતલબેન મહેતાએ સંભાળી હતી.

## જાફરાબાદ : ભાજપની ડો. શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મ જયંતિને લઈને બેઠક યોજાઈ

જાફરાબાદ, તા. ૨

જાફરાબાદ શહેર તાલુકા ભાજપ દ્વારા શ્યામાપ્રસાદ મુખર્જી ની જન્મ જયંતી તા. ૬/૭/૨૦૨૪ના ઉજવવાનો છે તે માટે અમરેલી જિલ્લા ભાજપ ની સુચના થી વિચાર ગોષ્ઠિ કરતાં શહેર તાલુકાના વક્તા રવુભાઈ ખુમાણ તેમજ સાગરભાઈ સરવૈયા એ કાર્યક્રમ માટે માર્ગદર્શન આપેલ આ કાર્યક્રમમાં ઉપસ્થિત તાલુકા ભાજપ પ્રમુખ દિનેશદાદા શહેર ભાજપ પ્રમુખ મનોજભાઈ ચુડાસમા જાફરાબાદ શહેર ભાજપ મહામંત્રી નીરવભાઈ ઠાકર જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલ જાફરાબાદ તાલુકા પંચાયત પ્રમુખ બાલાભાઈ કોટલીયા તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ નાજભાઈ બાંભણીયા યુવા ભાજપ પ્રમુખ કુલદિપભાઈ વરૂ જાફરાબાદ તાલુકા પંચાયત કારોબારી ચેરમેન અનિરૂદ્ધભાઈ વાળા જાફરાબાદ તાલુકા પંચાયત સદસ્ય ભીમભાઈ વઢ જાફરાબાદ તાલુકા ભાજપ મહામંત્રી દિપુભાઈ ધૂંધળવા તેમજ ડોક્ટર



ગીરીશભાઈ ભાલાળા હરેશભાઈ જોષી જાફરાબાદ શહેર પુર્વપ્રભારી દિલીપભાઈ જોશી ડોસલભાઈ કોટીલા તેમજ જાફરાબાદ તાલુકા શહેર ભાજપના કાર્યકર્તા ભાઈઓની મોટી સંખ્યામાં હાજરી આપેલ.

### અમરેલી જીલ્લા રઘુવીર સેનાના નિષ્ઠાવાન પ્રમુખને વધારે એક જવાબદારી

## અમરેલીના રઘુવંશી શ્રેષ્ઠી વિશાલભાઈ સોઢાની રઘુવંશી ક્રાંતી મંચના ઉપપ્રમખુ તરીકે વરણી

### સમસ્ત રઘુવંશી સમાજમાં હરખની હેલી ચડી

ચલાલા, તા.૨

અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના અમરેલી જીલ્લાના બાહોશ નિષ્ઠાવાન અને ઉત્સાહી અને નિડર એવા પ્રમુખ વિશાલભાઈ,ગમનભાઈ સોઢાની રાષ્ટ્રીય કક્ષાનું રઘુવંશી સંગઠન એવુ રઘુવંશી ક્રાંતી મંચ(આર.કે.એમ)ના સૌરાષ્ટ્ર વિભાગના ઉપપ્રમુખ તરીકેની વરાંગી રઘુવંશી ક્રાંતી મંચના સન્માનનિય પ્રમુખ ડો.ધર્મેશઠક્કર અને સૌરાષ્ટ્ર ઝોનનાં પ્રમુખ શ્રીમતી સોનલબેન વસાણી અને વરીષ્ઠ ઉપપ્રમુખ મહેશભાઈનગદીયાએ વરણીની જાહેરાત કરતા સૌરાષ્ટ્ર ભરના રઘુવંશીઓમાં રીતસરની હરખની હેલી ચડી છે. અને સૌરાષ્ટ્રભરના રઘુવંશી શ્રેષ્ઠીઓ દ્વારા રઘુવંશી ક્રાંતીમંચના નવનિયુકત ઉપપ્રમુખ વિશાલભાઈ સોઢા ઉપર અભિનંદનનો ધોધ વરસી રહ્યો છે.

અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના અમરેલી જીલ્લાના પ્રમુખ તરીકેની તેજ અને મજબૂત સરાહનિય કામગીરીનને ધ્યાનમાં લઈ વિશાલભાઈ સોઢાને વધુ એક રઘુવંશી સમાજના રાષ્ટ્રીયકક્ષાના સંગઠનમાં જવાબદારી સોપવામાં આવેલ છે. વાકાનેરના જાલીડા મુકામે રૂ.૧૦૦ કરોડના ખર્ચે બનતુ રામધામ મંદિરના કાર્યમાં પણ શ્રી વિશાલભાઈ સોઢાની કાબીલેદાદ સરાહનીય કામગીરી કરી



રહ્યા છે. ત્યારે નવનીયુકત ઉપપ્રમુખ વિશાલભાઈ સોઢાને ગુજરાત રઘુવંશી સમાજના શ્રેષ્ઠી ચંદ્રેશભાઈ રવાણી, શ્રી રામધામ મંદિર પ્રણેતા અને ધારાસભ્ય જીતુભાઈ સામાણી અખિલ સૌરાષ્ટ્ર–કચ્છ રઘુવીર સેનાના સુપ્રિમો અને જુનાગઢ કોર્પોરેશનના ડે.મેયર ગીરીશભાઈ કોટેચા, અમરેલી લોહાણા મહાજનના ઉપપ્રમુખ અને અમરેલી શહેર ભાજપના પ્રમુખ ભાવેશભા સોઢા, લોહાણા મહાપરીષદ સૌરાષ્ટ્ર ઝોનનાં રીજયોનલ પ્રમુખ સંજયભાઈ વણજારા, અમરેલી રઘુવંશી શ્રેષ્ઠી પ્રવિણભાઈ સોઢા, રામધામના ટ્રસ્ટી વિનુભાઈ કટારીયા, રાજકોટ જીલ્લા મહીલા ભાજપ પ્રમુખ અને રઘુવંશી શ્રેષ્ઠી સોનલબેન વસાણી, લોહાણા વિદ્યાર્થી ભવનનાં પ્રમુખ પ્રફુલભાઈ બાંટવીયા, હાઈકોર્ટના જાણીતા વકીલ વિકાસભાઈ વડેચા, જીલ્લા રઘુવીર સેનાના ઉપપ્રમુખ પ્રકાશભાઈ કાટીયા, ઉપપ્રમુખ મહેશભાઈ મશરૂ, પૂર્વપ્રમુખ જીલ્લા રઘુવીર સેના મહેશભાઈના નગદીયા, ટાવર ચોક વેપારી એશો.ના પ્રમુખ હિતેશભાઈ પોપટ, વેપારી મહામંડળના પ્રમુખ બિરજુભાઈ અટારા, અમરેલી શહેર સેનાના પ્રમુખ પિયુષભાઈ સોનપાલા, ઉપપ્રમુખ પ્રિતેશભાઈ માનસેવા, નિલમ–ચા પ્રમુખ હિતેશભાઈ સરૈયા, બાબરાથી રિષીભાઈ રૂપારેલ,બગસરાથી મોહીતભાઈ મસરાણી, વડીયાથી તુષારાભાઈ ગણાસા, મીતુલભાઈ ગણાસા, ચલાલાથી જૈમીનભાઈ ચંદારાણા, જીગ્નેશભાઈ પોપટ, દામનગરથી હાર્દિકભાઈ શીંગાળા, રવિભાઈ કાટીયા, કુકાવાવથી મિલનભાઈ કટારીયા સહિત સૌરાષ્ટ્રભરના રઘુવંશી શ્રેષ્ઠઓએ શુભકામના સાથે અભિનંદન પાઠવેલ હતા. આ તકે નવનીયુકત ઉપપ્રમુખ વિશાલભાઈ સોઢાએ જણાવ્યુ હતુ કે, હવે રઘુવંશી ક્રાંતી મંચ દ્વારા સૌરાષ્ટ્રભરના રઘુવંશી સમાજનુ સંગઠન અને એકતા મજબૂત બનાવાશે. અને સૌરાષ્ટ્ર કક્ષાના સમુહલગ્ન, સમુહજનોઈ, વૃક્ષારોપણ, વ્યસન મુકિત સહિતનાં કાર્યક્રમો અપાશે અને સૌરાષ્ટ્રમાં જરૂરિયાતમંદ રઘુવંશીઓને યોગ્ય રીતે શિક્ષણ, આરોગ્યની સેવા અપાશે.

### ભારતીય વિદ્યાર્થીઓને ઓસ્ટ્રેલિયાએ આપ્યો ઝટકો

## ઓસ્ટ્રેલિયાએ સ્ટુડન્ટ વિઝા પર કર્યો ધરખમ વધારો

### ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા બીજા નંબર પર

નવી દિલ્હી, તા. ૨

ઓસ્ટ્રેલિયાની સરકારે ભારતીય વિદ્યાર્થીઓને મોટો ઝટકો આપ્યો છે. સરકારે સ્ટુડન્ટ વિઝા ફી વધારીને બમણી કરતા વધુ કરી દીધી છે. આ વ્યવસ્થા એક જુલાઈથી લાગુ પણ થઈ ગઈ છે.

ઓસ્ટ્રેલિયન વડા પ્રધાન એન્થોની અલ્બેનીઝની સરકારે આ પગલું તાજેતરમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યામાં થયેલા ધરખમ વધારા બાદ ભર્યું છે. હવે તેની સૌથી વધુ અસર ભારતીય વિદ્યાર્થીઓ પર પડશે, કારણ કે, ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા બીજા નંબર પર છે. સરકારી આંકડા પ્રમાણે વર્ષ ૨૦૨૨માં ઓસ્ટ્રેલિયન સંસ્થાઓમાં એક લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા હતા. જાન્યુઆરીથી સપ્ટેમ્બર ૨૦૨૩ના સમયગાળામાં આ સંખ્યા ૧.૨૨ લાખ હતી. હવે તેમને ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ કરવા માટે વધુ પૈસા ખર્ચ કરવા પડશે. ઓસ્ટ્રેલિયાએ ૧ જુલાઈથી વિદેશી વિદ્યાર્થીઓ માટે સ્ટુડન્ટ વિઝા ફી ૭૧૦ ઓસ્ટ્રેલિયન ડોલર (લગભગ રૂ. ૩૯,૫૨૭) થી વધારીને ૧,૬૦૦ ઓસ્ટ્રેલિયન ડોલર (લગભગ રૂ. ૮૯,૦૫૯) કરી દીધી છે. આ સાથે જ વિઝિટર વિઝા ધારકો અને ટેમ્પરરી ગ્રેજ્યુએટ વિઝા ધારકો વિદ્યાર્થી વિઝા માટે અરજી કરી શકશે નહીં. ઓસ્ટ્રેલિયાના ગૃહ મંત્રી ક્લેર ઓ નીલે કહ્યું કે આ ફેરફારોથી હાઉસિંગ માર્કેટ પર પડી રહેલા દબાણને ઘટાડી શકાશે. માર્ચના ડેટા પ્રમાણે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીમાં માઈગ્રેશન ૬૦% વધીને ૫,૪૮,૮૦૦ થઈ ગયું હતું.

નવી વ્યવસ્થા બાદ ઓસ્ટ્રેલિયામાં સ્ટુડન્ટ વિઝા મેળવવા અમેરિકા અને કેનેડા કરતા મોંઘા થઈ ગયા છે. અમેરિકામાં હાલમાં ફી ૧૮૫ ડોલર અને કેનેડામાં ૧૫૦ કેનેડિયન ડોલર છે. ઓસ્ટ્રેલિયાની સરકારે કહ્યું કે, આ ફેરફારથી વિઝા નિયમોમાં રહેલી ખામીઓને દૂર કરવામાં મદદ મળશે. આનાથી એ પણ ફાયદો થશે કે, જેન્યુઈન વિદ્યાર્થીઓ જ વિઝા મળી શકશે. તેનાથી દેશના આર્થિક વિકાસને પણ વેગ મળશે. બીજી તરફ કેનેડા પણ આ પ્રકારના ફેરફાર કરી ચૂક્યુ છે. ત્યાં પણ નિયમોને સખત બનાવી દેવામાં આવ્યા છે, તેનાથી પણ ભારતના હજારો વિદ્યાર્થીઓને અસર પડી રહી છે.

### હિંડનબર્ગે સેબી તરફથી નોટિસ મળવાની જાણકારી આપી

## અદાણી મામલામાં 'હિંડનબર્ગ રિસર્ચ'ને 'કારણ બતાવો' નોટિસ, સેબીની કાર્યવાહી

### ભ્રષ્ટાચાર અને છેતરપિંડીનો પર્દાફાશ કરનારાઓને ચૂપ કરવાનો પ્રયાસ : હિંડનબર્ગ

નવી દિલ્હી, તા. ૨

સેબીએ અમેરિકન નાણાકીય સંશોધન કંપની હિંડનબર્ગ રિસર્ચને નોટિસ જારી કરી છે. આ ઉપરાંત નાથન એન્ડરસન અને મોરેશિયસ સ્થિત FPI માર્ક કિંગ્ડનને પણ નોટિસ આપવામાં આવી છે. અદાણી ગ્રુપના શેર પર સટ્ટાબાજીના કથિત ઉલ્લંઘનને લઈને આ નોટિસ જારી કરવામાં આવી છે. હિંડનબર્ગે અદાણી ગ્રુપ પર સ્ટોક મેનીપ્યુલેશનનો આરોપ લગાવ્યો હતો. હિંડનબર્ગે સેબી તરફથી નોટિસ મળવાની જાણકારી આપી છે.માર્કેટ રેગ્યુલેટરે આરોપ મૂક્યો છે કે હિંડનબર્ગ અને એન્ડરસને સેબી એક્ટ, રિસર્ચ એનાલિસ્ટ્સ રેગ્યુલેશન્સ માટે સેબીની આચાર સંહિતા હેઠળ કૌભાંડ અને અન્યાયી વેપાર પ્રેક્ટિસના નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. FPI કિંગડમ પર FPI રેગ્યુલેશન માટે SEBIની આચાર સંહિતા તેમજ પ્રિવેન્શન ઑફ ઍન્ટિપેશન અને અનફેર ટ્રેડ પ્રેક્ટિસ રેગ્યુલેશન્સનું ઉલ્લંઘન કરવાનો આરોપ છે.માર્કેટ રેગ્યુલેટર સેબીએ જણાવ્યું હતું કે, 'હિંડનબર્ગ અને FPIAએ એક ભ્રામક ડિસ્ક્લેમર જારી કર્યું હતું કે આ રિપોર્ટ માત્ર ભારતની બહાર ટ્રેડ થતી સિક્યોરિટીઝના મૂલ્યાંકન માટે છે, જ્યારે તે સ્પષ્ટપણે ભારતમાં લિસ્ટેડ કંપનીઓ સાથે સંબંધિત છે.'બીજી તરફ, અમેરિકન શોર્ટસેલર હિંડનબર્ગે જાન્યુઆરી ૨૦૨૩માં બહાર પાડવામાં આવેલા તેના અહેવાલના બચાવમાં દલીલ કરવાનું ચાલુ રાખ્યું છે. હિંડનબર્ગે આ નોટિસ પર નારાજગી વ્યક્ત કરી છે અને આરોપ લગાવ્યો છે કે ભ્રષ્ટાચાર અને છેતરપિંડીનો પર્દાફાશ કરનારાઓને ચૂપ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

### શ્રી મોગલધામ માનવસેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

## ચલાલાની આર.કે.એમ.એમ. હાઈસ્કૂલને નવા વિચારો સાથે ધમધમતી કરાશે

### વર્ષો પૂરાણા મકાનનું રિનોવેશન હાથ ધરાશે

ચલાલા, તા.૨

ચલાલા શિવસાંઈ ગૃપ ખાતે શ્રી મોગલમાં માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ સુરતના સહયોગથી આર.કે.એમ.એમ. હાઈસ્કૂલમાં અભ્યાસ કરી રહેલ તમામ વિદ્યાર્થીઓને ચોપડા કીટનું વિતરણ કરવામાં આવેલ હતુ. ઉપરાંત સાથોસાથ આ હાઈસ્કૂલ હાલમાં ખંડેર હાલતમાં હોય તેમજ જેથી આ શાળામાં અભ્યાસ કરીને બહાર વસતા તમામ વિદ્યાર્થીઓને જાહેર અપીલ કરતા આમંત્રીત મહેમાનોએ જણાવેલ કે દાનમહારાજની આ પાવન ભૂમી ચલાલામાં જણાવેલ કે દાનમહારાજની આ પાવનભૂમી ચલાલામાં હાલમાં સરકારી એકપણ એવી સ્કૂલ નથી. જયાં ધોરણ ૧૧/૧૨મા અભ્યાસ થઈ શકે તો જ વિદ્યાર્થીઓ પ્રાઈવેટ સ્કૂલમાં આર્થીક પરિસ્થિતી નબળી હોવાથી ત્યાં મોઘીદાર ફી ભરીને ભણી શકે એમ નથી એવા તમામ વિદ્યાર્થીઓને મજબુરીથી બહાર ગામ અભ્યાસ કરવા જવુ પડે છે.

કેટલાય એવા પરિવારો છે જે પોતાના સંતાનોને ભણાવવા માટે વ્યાજે



પૈસા લેવા મજબૂર થઈ રહેલ છે. ત્યારે ચલાલામાં એક નાનુ એ શિવસાંઈ ગૃપ ધારી તાલુકામાં આવેલ સરકારી સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મદદરૂપી બની રહેલ છે. ગામડાઓ સુધી શિવસાંઈ ગૃપ વિવિધ સેવાઓ રહેલ છે.

ત્યારે શ્રી મોગલમા ટ્રસ્ટના સહયોગથી હાલમાં જ આર.કે.એમ.એમ. હાઈસ્કૂલમાં ચોપડા વિતરણ કાર્યક્રમ રાખેલ હતો. અને આમંત્રિત તમામ મહેમાનોએ શિવસાંઈ ગૃપની અવિરત સેવાઓને બિરદાવેલ હતી.

તથા ખંડેર બની ગયેલ આર.કે.એમ.એમ. હાઈસ્કુલ ફરી વખત ધમધમતી થઈ સેવા પ્રયત્નો સહુ સાથે રહીને કરીએ અને આપણી શાળાનું ગૌરવ વધે, ગામનુ ગૌરવ વધે એ માટે સલાહ નહી સહકાર આપે એવી જાહેર અપીલ કરવામાં આવેલ હતી. એમ પત્રકાર પ્રકાશભાઈ કારીયાની યાદીમાં જણાવેલ છે.

### ડુમસની ૨૦૦૦ કરોડની જમીન કૌભાંડ

## ડુમસની ૨૦૦૦ કરોડની જમીન કૌભાંડમાં એસીબીમાં પણ ગુનો દાખલ કરવા માગ

### લાંચ રૂશ્વત અધિનિયમની કલમ-૭ મુજબ જવાબદાર આયુષ ઓકની આવક અને મિલકત અંગેની પણ તુલનાત્મક તપાસ થવી જોઈએ

સુરત, તા. ૨

ડુમસની ૨૦૦૦ કરોડની જમીન કૌભાંડમાં સસ્પેન્ડેડ કલેકટર આયુષ ઓક તેમજ અન્ય જવાબદાર અધિકારીઓ સામે તાત્કાલિક અસરથી પગલાં લેવા અને એસીબીની તપાસ કરવાની માંગ કરાઈ છે. પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી દર્શન અગ્રણીએ ગાંધીનગર સ્થિત પોલીસ વડા અને એસીબીના નિયામકને આવેદનપત્ર પાઠવ્યું છે. દર્શન નાયકે પાઠવેલા આવેદન પત્રમાં જણાવાયું છે કે, ડુમસમાં આવેલી અંદાજિત રૂ. બે હજાર કરોડ ઉપરાંતની સર્વે નં. ૩૧૧/૩ વાળી અંદાજિત ૨૧૭૨૧૬ ચોરસ મીટર સરકારી પડતર જમીન સસ્પેન્ડેડ કલેકટર આયુષ ઓકે સરકારી જમીનમાં ગણોતિયાના નામો દાખલ કરવા માટે તેમની સત્તાનો દૂરપયોગ કર્યો છે. કરોડો રૂપિયાની લાંચ મેળવી છે એવું અમારું સ્પષ્ટ માનવું છે. સરકાર દ્વારા કલેકટર આયુષ ઓકને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. લાંચ રૂશ્વત અધિનિયમની કલમ-૭ મુજબ સસ્પેન્ડેડ કલેકટર આયુષ ઓક સંપૂર્ણપણે જવાબદાર છે. અને તેમની સામે ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરવી આવશ્યક છે.ડુમસની સર્વે નં. ૩૧૧/૩ વાળી સરકારી શીર પડતરની જમીનમાં સસ્પેન્ડેડ કલેકટર આયુષ ઓક દ્વારા ગણોતિયાના નામો દાખલ કરવા માટે ખોટી રીતે હુકમ કરવામાં આવ્યો હતો. આ હુકમ તેમની બદલીના બે દિવસ અગાઉ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અમારા તરફથી કરવામાં આવેલી ફરિયાદને આધારે કલેકટર આયુષ ઓકને ગુજરાત સરકાર દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ કેસની તમામ હકીકતો ઉપરથી સાબિત થાય છે કે સસ્પેન્ડેડ કલેકટર આ બાબતે સંપૂર્ણપણે જવાબદાર છે. તેમની બદલીના ૨ દિવસ અગાઉ જ હુકમ કરવામાં આવ્યો હતો, તેમના હુકમ ઉપરથી એવું પ્રાથમિક દ્રષ્ટિએ દેખાઈ આવે છે કે ખોટી રીતે ગણોતિયાના નામ દાખલ કરવા હુકમ કરવા બાબતે તેમના દ્વારા કરોડો રૂપિયાની લાંચ ગણોતિયાઓ પાસેથી લેવામાં આવી છે. જેની તપાસ કરાવવામાં આવે.સસ્પેન્ડેડ કલેકટર આયુષ ઓકની આવક અને તેમની મિલકત અંગેની પણ તુલનાત્મક તપાસ હાથ ધરવામાં આવે, જેથી તેમની આવક અને તેમની મિલકતો વચ્ચેનું અંતર જાણી શકાય. જો આવક કરતાં મિલકત વધુ હોય તો પણ તેમની સામે અપ્રમાણસર મિલકતનો ગુનો પણ દાખલ કરવામાં આવે એવી મારી માંગણી છે. ડુમસની સર્વે નં. ૩૧૧/૩ વાળી જમીન બાબતે સસ્પેન્ડેડ કલેકટર આયુષ ઓક સિવાય ઘણા અધિકારીઓ, રાજનૈતિક આગેવાનો અને અન્ય શખ્સો પણ જવાબદાર છે, જેથી આ બાબતે જો પૂરતી તપાસ હાથ ધરવામાં આવશે તો વધુ ખુલસા અને હકીકતો બહાર આવી શકે તેમ છે. આ બાબતની નોંધ લઈ પુરાવાઓનો નાશ થાય તે પહેલા તાત્કાલિક અસરથી તપાસ હાથ ધરી કાર્યવાહી કરવામાં આવે એવી માંગણી છે.

હવે.. બદલાશે **સારવારની** પરીભાષા

અમરેલીમાં એકમાત્ર રેગ્યુલર યુરોલોજીસ્ટ ધરાવતી હોસ્પિટલ

સાંધા બદલવાના ઓપરેશન તદન મફત કરી આપવામાં આવે છે



ડૉ. અંકિત ગાબાણી
(M.B.B.S., D.ORTHO)

તમામ પ્રકારના ફેકચર, સ્નાયુ,હાડકા,સાંધા,મણકાના દુઃખાવા,ગોઠણ બદલવાના ઓપરેશન(TKR) થાપાનો ગોળો બદલવાના ઓપરેશન(THR) ઢાણીયાંના ઓપરેશન (આર્થોસ્કોપી)



ડૉ. નીત ચોટાઈ
MBBS, M.S., DrNB (Urology)

કિડનીના રોગો, પથરીના ઓપરેશન, પ્રોસટેટના ઓપરેશન અને સારવાર
સુન્નતના ઓપરેશન, પુરૂષોમાં વંધ્યત્વ અને સેકસ સંબંધીત સમસ્યાઓનું નિરાકરણ

લેબોરેટરી. ડીઝીટલ એક્સ–રે. મેડિકલ સુવિધા રાહતદરે ઉપલબ્ધ.
આયુષ્માન ભારત યોજના દ્વારા મફત સારવાર ઉપલબ્ધ.
વાહન અકસ્માતમાં મફત સારવાર અને ઓપરેશન (પ્રથમ ૪૮ કલાકમાં)

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિ સ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોંગ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૫૨૦




## ભ્રષ્ટ અધિકારીઓ, ભ્રષ્ટ બાંધકામ એજન્સીઓ, ભ્રષ્ટ રાજકીય આગેવાનો પાસે કરોડો રૂપિયાનું કાળુધન

# ગરીબોનાં પરસેવાનાં નાણા ભ્રષ્ટાચારીઓની તિજોરીમાં ભરાણા

**રાજકોટનાં ટાઉન પ્લાનરની કચેરીમાંથી ૩ કરોડ રોકડા અને ૨૦ કિલો સોનુ ઝડપાઈ તે કોની નિષ્ફળતા તેની તપાસ જરૂરી**

**દેશની તમામ તપાસ એજન્સીઓને સરકાર મંજૂરી આપે તો દેશનું દેવું ચુકવાઈ તેટલું કાળુધન મળે તેમ છે**

**નોટબંધી તો સરકારે મોટા ઉપાડે કરી પણ તેનાથી કાળાધનમાં કોઈ ફર્ક પડયો નથી**

**ગેમઝોનકાંડ થયું એટલે કરોડો રૂપિયાનું કાળુધન ઝડપાયુ નહી તો સાગઠીયા જલ્સા જ કર્યા કરત**

અમરેલી, તા. ૨
એક દાયકાથી દેશનાં પ્રધાનમંત્રી "ખાતો નથી ખાવા દેતો નથી" કહી રહ્યા છે પરંતુ તેના જ ગુજરાતમાં તેમનાં માર્ગદર્શન તળે ચાલતી સરકારનાં રાજમાં રાજકોટનાં ટાઉન પ્લાનર મનસુખ સાગઠીયાને ત્યાંથી રૂપિયા ૩ કરોડ રોકડા અને ૨૦ કિલો સોનું ઝડપાતા સમગ્ર રાજયમાં ચકચાર મચી ગઈ છે.
અમરેલી જિલ્લા સહિત રાજયભરમાં અનેક ભ્રષ્ટ અધિકારીઓ પાસે તેમજ બાંધકામ એજન્સી કે બેઈમાન રાજકીય પદાધિકારીઓ પાસે કરોડો રૂપિયાનું કાળુ ધન હોવાની આશંકા વચ્ચે બુટલેગરો, રેતીમાફિયાઓ, નફાખોરો, સંગ્રહખોરો તો મેડિકલ માફિયાઓ સહિત દેશભરમાં તપાસ એજન્સીઓને સરકાર તટસ્થતાથી તપાસ કરવાનો આદેશ આપે તો રૂપિયા ૩ થી ૫ લાખ કરોડનું કાળુધન ઝડપાઈ શકે તેમ છે.
પ્રધાનમંત્રીએ ૮ નવેમ્બર–૨૦૧૬ નાં રાત્રિનાં સમયે ૮ કલાકે
**અનુસંધાન પાના ૬ ઉપર**

## દામનગર : બસ સ્ટેન્ડની બહાર ચોકમાં વ્યવસ્થાનો અભાવ




દામનગર શહેરમાં વ્યવસ્થાનાં અભાવને કારણે લોકોમાં રોષ લાગણી જોવા મળી છે. જયારે રાજકારણનો સદઉપયોગ થાય તો, જનતાને સંતોષ થાય,..!! લોકો માટે વિકાસનાં કામોમાં નવું તો બનાવાય છે, પરંતુ અમુક વસ્તુઓની કમી રહી જાય છે. જેમ કે નવા રોડ બનાવ્યા પછી – પૂરતા પ્રમાણમાં સ્પીડ બ્રેકરો બનાવાતા નથી, દિશા સૂચક બોર્ડમાં કી.મી. લખવામાં નથી. આવતા, ટ્રાફિકનાં નિયમોનું પાલન કરાવવા માટે કર્મચારી ન હોય, ચૂંટણી સમયે મત મેળવવા માટે પ્રચાર થાય, જંગી જાહેર સભા થાય..!, પછી જાહેરમાં એક ખાડો પડ્યો હોય અથવા રસ્તો તૂટી ગયો હોય તો, કાર્યકર સેવા નથી કરતું...!! દામનગરમાં થયેલા વિકાસના કામોનાં બોર્ડ મૂકાય છે. પછી કેવી હાલત હોય છે તે જોવાતું નથી..!! લાખ્ખોના – કરોડોના કામોની ચર્ચા થાય.., ગ્રાંટની રાહ જોવાય...ઠીક છે, આ બધું જરૂરી છે, પરંતુ દામનગરમાંથી પસાર થતા રાજયના માર્ગ પર સામેની બાજુએ બનેલ નવા બસ સ્ટેન્ડની બહાર ઢાળમાં રઝળતા પશુઓનાં અડિંગાને કારણે વાહનચાલકોને તેમજ બસસ્ટેન્ડમાં જતા – આવતા લોકોને અકસ્માતનો ભય રહ્યા કરે છે. આ બસ સ્ટેન્ડની બાજુમાં જ નગરપાલિકા કચેરી છે અને હા તેને અડીને અટલ પાર્ક છે. પૂરતા પ્રમાણમાં સ્પીડબ્રેકરો નથી, કોઈ ટ્રાફિકને નિયંત્રણમાં રાખવા માટે..!! વગેરે પ્રશ્નો રજુ કરવા છતા અહી ધારાસભ્ય, નગરપાલિકાના સભ્યો, સરકારી અધિકારીઓ પસાર થાય છે પણ સમસ્યાઓ પ્રત્યે આંખ આડા કેમ કરે છે.

## એકવીસમી સદીનાં આધુનિક યુગમાં આખલાઓનો આતંક દૂર થઈ શકતો નથી

# આ દેખે જરા : બાબરામાં અવારનવાર આખલાઓ વચ્ચે યુધ્ધ થતાં શહેરીજનોમાં ફફડાટનો માહોલ

**પાલિકાનાં શાસકોમાં ઈચ્છાશકિતનો અભાવ હોવાથી શહેરીજનો પરેશાન**




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨
બાબરામાં અવારનવાર થતાં આખલા યુદ્ધના કારણે શહેરના લોકો તોબા પોકારી ગયા છે. અનેકવાર આ બાબતે નગરપાલિકામાં રજુઆત કરવા છતાં યોગ્ય ઉકેલ આવતો નથી.
બાબરામાં બસ સ્ટેન્ડ વિસ્તારમાં આખલા યુદ્ધ થતા ભારે ટ્રાફિક જામ થયો હતો અને રોડ પર ફેરી કરી ગુજરાન ચલાવતા ફેરિયાઓને પણ માલ સામાનને નુકસાન થયું હતું.
શહેરમાં રોડ પર તેમજ મુખ્ય બઝારોમાં અવારનવાર આખલા યુદ્ધ થતા રહે છે જેના કારણે હટાણું કરવા નીકળતા લોકો આખલાની હડફેટે ચડે અને નાની મોટી ઈજાઓ થાય છે. ત્યારે નગરપાલિકા દ્વારા આ બાબતે યોગ્ય ઉકેલ લાવવામાં આવે તેવી લોકમાંગણી ઉઠવા પામી છે.

## કરિયાણા ડેમ, મેલડીમા તળાવ, રામપરા તળાવમાં પાણી ભરાયું

# બાબરા પંથકમાં ૫ ઈંચ જેટલા વરસાદથી જળાશયોમાં નવા નીરની ભરપૂર આવક થઈ

**ખેડૂતોને સિંચાઈ કાર્યમાં રાહત થવાથી ખુશીનો માહોલ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨
બાબરા સહિત સમગ્ર પંથકમાં મેઘરાજાઓ મન મૂકીને વરસતા પાંચ ઈંચથી વધુ વરસાદ પડતા બાબરાની કાલુભાર નદી સહિત ગ્રામ્ય વિસ્તારમાં સ્થાનિક નદીમાં ઘોડાપૂર આવ્યુ હતુ. સિમ વિસ્તારમાં પાણી ભરાય ગયા હતા અને નદી નાળા ઓગન અને ચેક ડેમો ધોધમાર વરસાદ પડતા બાબરાનાં કરીયાણા ડેમ, રામપરા ડેમ અને મેલડીમા તળાવમાં નવા નીરની આવક જોવા મળી હતી. અહી શહેરના જીવા દોરી સમાન ડેમ અને તળાવમાં નવા નીર આવક થતા આસપાસ હજારો ખેડૂતોને સિંચાઈનો સીધો લાભ મળશે. જેના કારણે ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.

## ગાંધીનાં ગુજરાતમાં દારૂ આવે છે કયાંથી

# ચાવંડ નજીકનાં કલ્યાણધામ પાસેથી વિદેશી દારૂની ૧૨ બોટલ ઝડપાઈ

**બાબરાનાં ઈસમની અટકાયત કરાઈ**

અમરેલી, તા. ૨
બાબરા ગામે આવેલ મફત પ્લોટમાં રહેતા આરોપી રૂપેશભાઈ તળશીભાઈ કાવઠીયા તા. ૧ ના સાંજના ૫ કલાકે ચાવંડ ગામ કલ્યાણધામ બસ સ્ટેન્ડ પાસે વગર પાસ પરમીટે પોતાના કબ્જામાં ભારતીય બનાવટનો વિદેશી ઈંગ્લીશ દારૂની બોટલો વ્હિસ્કી ૭૫૦ મી.લી. રીંગપેક કુલ બોટલ નંગ–૧૨ કિંમત રૂપિયા ૪૨૭૨ ના પ્રોહી મુદ્દામાલ સાથે પકડાઈ જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## ખેડૂતો દેવાનાં ડુંગર નીચેથી બહાર આવી શકતા નથી

# ધારીનાં ફાચરીયા ગામનાં પ્રૌઢ ખેડૂતને વ્યાજે રૂપિયા લેવા બાબતે ધમકી મળી

અમરેલી, તા. ૨
ધારી તાલુકાના ફાચરીયા ગામે રહેતા રજનીકાંત કાંતિલાલ બોસમીયા નામનાં ૪૯ વર્ષિય ખેડુતને ખાંભા તાલુકાનાં જામકા ગામે રહેતા
**અનુસંધાન પાના ૬ ઉપર**

## સામાન્ય બાબતને લઈને બઘડાટી બોલી

# રાજુલાનાં ચૌત્રા ગામનાં ભાર રિક્ષા ચાલક ઉપર ૪ ઈસમોનો હુમલો

**અન્ય એક વ્યકિતને પણ માર પડયો**

અમરેલી, તા. ૨
રાજુલા તાલુકાના ચૌત્રા ગામે રહેતા અનકભાઈ જીણાભાઈ લૈયા નામનાં ૩૮ વર્ષિય ખેડુત યુવકનાં માસીયાઈ ભાઈ બાવકુભાઈ બાલુભાઈ
**અનુસંધાન પાના ૬ ઉપર**

**જાહેર નોટીસ કમ ચેતવણી અમારા કહ્યામાં નથી**



આથી જાહેર જનતાને જાણ કરવાની કે આ સાથેના ફોટાવાળા અમારા પુત્ર **ભાવેશભાઈ જીવનભાઈ પાનસેરીયા** (ઉ.વ.૩૬) રહેવાસી બાબરા તાલુકાનાં ગમા-પીપળીયા વાળા છેલ્લા ઘણા સમયથી અમારા કહ્યામાં નથી. તેમજ પોતાની મન-માની તેમજ ધાર્યું વર્તન કરતા હોય, જેને અમે અમારા પુત્ર તરીકે અમારા તમામ હકક-હિસ્સા,સ્થાવર, જંગમ મિલ્કતમાંથી બેદખલ કરેલ છે. તથા તેમની સાથે તમામ પ્રકારનાં પારિવારીક સંબંધો પણ પુરા કરેલ છે.જેથી તેની સાથે અમોને લાગતા-વળગતાં તમામ સગા-સબંધી,મિત્રો, આ તમામ વ્યકિતઓએ અમારા નામથી કોઈપણ જાતનો રોકડ કે સામાજીક વ્યવહાર કરવો નહી. તેમ છતાં,જે કોઈ આવો કોઈપણ પ્રકારનો વ્યવહાર કરશે તો તેની જવાબદારી અમોને બંધનકર્તા રહેશે નહી. જેની સર્વેએ નોંધ લેવી.

લી. જીવનભાઈ રાઘવભાઈ પાનસેરીયા
મુ. ગમા–પીપળીયા,તા.બાબરા,જી.અમરેલી

**Sheetal**

We are HIRING!

FRANCHISE MANAGER
Number of position : 01
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli

BACK OFFICE
Number of position : 03
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli



Ready to take your sales career to new heights?
PLEASE SEND YOUR CV
+91 95109 59957
hr@scplco.com

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)